
વાયડામિત્ર
વર્ષ : ૯૬ અંક : ૧૨ ડિસેમ્બર – ૨૦૧૮
કિંમત રૂા. ૩૦/– (વાર્ષિક)
Happy Winter

With Best compliment form

## Shree Vayad Group of Companies

**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samarinandan Projects pvt. Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Trupti Rajendra Shah
Rahul Shah

Jitendra Shah
Sunita Shah

Address

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi,
M.G. Road, Ghatkopar, East Mumbai - 400 077
Ph. 022-21027687, E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

ડીસેમ્બર - ૨૦૧૮ પ્રત-૧૧૨૬, વર્ષ-૯૬ અંક-૧૨

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી-૭, શ્રી સિધ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,
પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**માનદ્ વ્યવસ્થાપક : શ્રી નિશીથભાઈ એ. પરીખ**

સી, ૪૦૪, અર્જુન એલીગન્સ, એ.ઈ.સી ક્રોસ રોડ, ભગીરથ સોસાયટી સામે,
નારણપુરા, અમદાવાદ – ૩૮૦૦૧૩
ફોન નં.: ૯૪૨૮૪૬૧૮૨૨ (સાંજે ૯.૦૦ પછી) ઈ-મેઈલ : naparikh7@yahoo.in

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂા.૩૦/-(સામાન્ય), રૂા.૧૦૦૧/-(આજીવન), રૂા.૨૫૦૧/-(પેટ્રન), **વિદેશમાં** : રૂા. ૫૦૦૧/-

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ શ્રી નિશીથભાઈને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust

Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553





## ભૂતનો ભય



સુંદરપુર નામના એક નાનકડા ગામની લગભગ ૨૦ વર્ષ પહેલાંની વાત છે. ગામથી લગભગ ૧૨ કિલોમીટર દૂર એક નાનકડી ટેકરી આવેલી છે અને બાજુમાં એક સુંદર મઝાનું ઝરણું વહે. ધીરે ધીરે એ જગ્યા પર્યટન અને ટ્રેકિંગ માટે પ્રખ્યાત થવા લાગી. ગામથી ત્યાં જવાના બે રસ્તા. એક રસ્તો લાંબો, ખરબચડો અને વાંકોચૂકો જ્યારે બીજો રસ્તો ટૂંકો, સીધો અને પહોળો.

ટૂંકા રસ્તા પર એક ઝાડ હતું, જેના પર ગામના લોકોની માન્યતા પ્રમાણે એક ભૂત રહેતું હતું. લોકવાયકા પ્રમાણે, ઘણા વર્ષો પહેલાં ત્યાં એક સાધુ થઈ ગયા. તેમને ધર્મનું સારું એવું જ્ઞાન હતું, પણ તે અભિમાની હતા. લોકો ગામના બીજા એક સંતને વધુ માનતા હતા. આ કારણે સાધુને ઈર્ષ્યા થતી અને ક્યારેક ગુસ્સે પણ થઈ જતા. જેમ જેમ સાધુનો અહંકાર અને ગુસ્સો વધતો ગયો તેમ તેમ તેમની પાસે લોકો આવતા ઓછા થતા ગયા અને જેમ જેમ લોકો આવતા ઓછા થતા ગાય તેમ તેમ તેમની ઈર્ષ્યા અને અહંકાર ઓર વધતા ગયા. છેવટે તે બીમાર પડી ગયા અને ઈર્ષ્યા, અહંકાર અને દુ:ખની લાગણી સાથે મૃત્યુ પામ્યા. લોકો પાસેથી માન, સન્માનની લાગણી એટલી તીવ્ર હતી કે તેમનો આત્મા સદ્‌ગતિએ ના ગયો પણ ટૂંકા રસ્તા પર આવેલ એક પીપળાના ઝાડ પાસે ભમતો રહ્યો. નજીકમાં રહેતા લોકો પ્રમાણે એ રસ્તા પરથી જે પસાર થાય તેમણે ઝાડ પાસે ઊભા રહી, પગે લાગી, પછી જ આગળ વધાય અને જો એમ ના કરે, તો તેમને કોઈને કોઈ તકલીફ થાય. આ કારણે લોકોએ ધીરે ધીરે એ રસ્તાનો ઉપયોગ કરવાનું ખૂબ ઓછું કરી દીધુ અથવા તો છોડી જ દીધું.

ગામમાં પ્રાથમિક શાળા જ હતી જેમાં પ્રકાશ અને પ્રવીણ નામના બે વિદ્યાર્થી મિત્રો ભણતા હતા. તેઓ જ્યારે પાંચમાં ધોરણમાં આવ્યા ત્યારે પ્રકાશના પિતા પોતાના કુટુંબ સાથે નજીકના શહેરમાં વસવા જતા રહ્યા. પ્રકાશે આગળ ભણવાનું ચાલુ રાખ્યું અને પ્રવીણે ભણવાનું છોડી પોતાના પિતાને ખેતરમાં મદદ કરવા લાગ્યો.

લગભગ ૧૦ વર્ષ પછી પ્રકાશ અને તેના કોલેજના મિત્રોએ નાના પ્રવાસનું

આયોજન કર્યું. પ્રકાશે આગ્રહપૂર્વક પોતાના વતન સુંદરપુર નજીક આવેલા ટ્રેકિંગ સ્થળ પર જવાનું નક્કી કર્યું. એક શનિવારે બધા મિત્રો ત્રણેક ગાડી લઈ બપોરે ત્યાં પહોંચ્યા. થોડું ટ્રેકિંગ કર્યું, કુદરતી સૌંદર્યનો આનંદ માણ્યો અને ત્યાં આવેલા વિશ્રામગૃહમાં આરામ કરવા ગયા. પ્રકાશના આનંદાશ્ચર્ય વચ્ચે પ્રવીણ પણ ત્યાં આવ્યો હતો. બંનેને એકબીજાને મળીને ખૂબ આનંદ થયો અને વાતોએ વળગ્યા. સાંજ પડી ગઈ હતી અને વરસાદ પણ ચાલુ થયો હતો. વાતાવરણ એકદમ આહ્લાદક હતું.

અચાનક એક મિત્ર બીમાર પડ્યો. નજીકના ગામમાંથી તાત્કાલિક દવા લાવવાની જરૂર પડી. પ્રવીણે વિશ્રામગૃહમાં કામ કરતા છોટુને વિનંતી કરી. છોટુ અને પ્રકાશનો મિત્ર હિમ્મત સાથે ગાડીમાં દવા લેવા માટે નીકળ્યા. ઉતાવળ હોવાથી હિમ્મતે ટૂંકા રસ્તા પરથી ગાડી લીધી. છોટુએ ખૂબ ના પાડી અને ઝાડ પાસેના ભૂતની વાત પણ કરી પણ હિમ્મત ભૂતપ્રેત માં માનતો ન હતો અને સમય પણ સાચવવાનો હતો એટલે હિમ્મતે તો ગાડી ટૂંકા રસ્તે જ લીધી અને ગામમાંથી દવા લઈ પાછા આવતા પણ ટૂંકો રસ્તો જ પકડ્યો. વરસાદ વધી રહ્યો હતો, અંધારું વધી રહ્યું હતું. ચારે બાજુ સન્નાટો છવાયેલો હતો. છોટુના ધબકારા વધી રહ્યા હતા. એ લોકો ઝાડ આગળથી થઈને લગભગ ૫૦૦ મીટર આગળ વધ્યા હશે અને એમની ગાડી પર કાંઈક પડ્યું અન ધમ્મ કરતો અવાજ આવ્યો. છોટુને ધ્રાસ્કો પડ્યો. હજી બીજા ૨૦૦ મીટર જેટલા આગળ વધ્યા હશે ને ગાડી એની જાતે ધીમી પાડવા લાગી અને બીજા ૨૦૦ મીટર જેટલા આગળ વધ્યા હશે ત્યાં તો ગોડી ખોટકાઈને બંધ પડી ગઈ. હવે છોટુના ધબરાટનો પાર ન હતો. પણ હવે કંઈ થાય એમ ન હતું. આવેલ મહેમાનને પણ એમ છોડી તો ના જ દેવાય. વિશ્રામગૃહ હજુ ૨–૩ કિલોમીટર દૂર હતું. હિંમત ગાડીમાં શું થયું એ જુવે એ પહેલા તો છોટુ ગાડીમાંથી ઉતરી ગયો. રસ્તાથી જમણી બાજુ એને ૨–૪ ઘર દેખાયા. હિમ્મતને કોઈની મદદ માટે જઉં છું એમ કહીને ગાડીમાંથી ઉતરી ગયો. હિમ્મત એની જોડે કંઈ વાત કરે પહેલા તે ચાલવા મંડયો. ત્યાં આવેલ ત્રણે ઘરોમાં ગયો પણ ઘરોના બધા પુરુષો બહાર હતા. એટલે કોઈ મદદ કરનાર ન મળ્યું. એના ધબકારા તો ખૂબ તેજ ચાલતા હતા. ત્યાંથી એક કડીએ ૫૦૦ મીટર દૂર આવેલા બીજા ઘરમાં તપાસ કરવા ગયો પણ ત્યાં પણ કંઈ મેળ પડ્યો નહિ. ભૂત વિષેની વાતો જે એણે સાંભળી હતી તે એક પછી એક એના મનમાં યાદ આવવા માંડી અને એનો ડર આસમાને પહોંચી ગયો. ત્યાંથી એને





પેલે રસ્તો જેના પરથી તેઓ ગાડીમાં આવતા હતા તેના પર નજર પડી તો તેને ગાડી ત્યાં ઉભેલી દેખાઈ. આ જગ્યા તો, જે જગ્યાએ ગાડી ખોટકાઈ હતી તેનાથી એકાદ કિલોમીટર દૂર હતી. ગાડી પાસે હિમ્મત પણ દેખાતો ન હતો. એનો ગભરાટ વધી ગયો. ગાડી અહીં ક્યાંથી આવી ? છોટુ એટલો બધો ગભરાઈ ગયો કે એણે તો ત્યાંથી જતી એક નાની કેડીએથી લાંબા રસ્તા પર થઈ તરત જ વિશ્રામગૃહે પાછા જવાનું નક્કી કર્યું. ટૂંકા રસ્તા પર આગળ વધવાની એની કોઈ હિંમત હતી નહિ ભલે પછી થોડી વધારે વાર લાગે.

લાંબા રસ્તે તે એવી જગ્યાએ આવી પહોંચ્યો જ્યાં ટૂંકો અને લાંબો રસ્તો ભેગા થતા હતા. એણે જિજ્ઞાસાપૂર્વક ટૂંકા રસ્તા તરફ નજર કરી તો તેને ફરી પેલી ગાડી દેખાઈ. એને ગાડીમાં કોઈ બેઠેલું ન દેખાયુ પણ ગાડી ધીરે ધીરે તેમના તરફ આવી રહી હતી. હવે છોટુના મોતિયા મરી ગયા. તે દોડતો દોડતો વિશ્રામગૃહ પહોંચી ગયો અને પ્રવીણ, પ્રકાશ અને તેમના મિત્રોને ભૂતના પ્રકોપની વાત કરી. છોટુની વાત સાંભળીને બધા મિત્રોમાં સન્નાટો છવાઈ ગયો. તેઓ ભૂત–પ્રેતમાં માનતા ન હતા પણ આ તો તેમની નજર સમક્ષ થયેલો કિસ્સો હતો. હિમ્મતની પણ ચિંતા થવા લાગી.

છોટુ હવે ત્યાં એક મિનિટ પણ રોકાવા માંગતો ન હતો. પ્રવીણને વિનંતી કરી કે તે પોતાની મોટરસાઈકલ પર લાંબા રસ્તે તરત ને તરત ગામ પહોંચાડી દે. છોટુનો ગભરાટ જોઈને પ્રવીણે પણ તરત હા પાડી અને એ બંને ત્યાંથી લાંબા રસ્તે પોતાને ગામ જવા નીકળી ગયા.

બધા મિત્રો વિમાસણમાં પાડી ગયા કે હવે શું કરવું. વિશ્રામ ગૃહના મેનેજર જોડે શું કરી શકાય તેની ચર્ચા કરવા લાગ્યા. પ્રકાશ અને તેના બીજા એક મિત્ર ગિરીશે સામેથી તપાસ કરવાનું નક્કી કર્યું. તેઓ પૂરતી તૈયારી સાથે નીકળતા જ હતા ત્યાં હિમ્મતને જોયો અને તેમના જીવમાં જીવ આવ્યો. હિમ્મતના મુખ પર કોઈ જાતનો ધબરાટ ન જોયો એટલે તેમને નવાઈ લાગી અને બનેલ ઘટના બાબત પૂછયું. હિમ્મતનો જવાબ સાંભળીને બધા મિત્રો એકબીજા સામે જોવા લાગ્યા અને છોટુની ભૂતની વાત યાદ કરીને હસી પડયા. હિમ્મતે કહ્યું કે રસ્તામાં પેટ્રોલ ખતમ થઈ ગયું હતું. છોટુ મદદ માટે નીકળ્યો પણ પાછો આવ્યો નહિ. આવા રસ્તા પર રસ્તો રોકીને ગાડી ઉભી રાખવી હિતાવહ નહિ એટલે રસ્તા પરથી પસાર થતા એક ભાઈની મદદ લઈને હું ગાડીને ધક્કા મારીને

અહીં સુધી લઈ આવ્યો. વચ્ચે થોડો આરામ કરી લીધો એટલે બહુ વાંધો આવ્યો નહીં.

બધા મિત્રો નો ભૂત–પ્રેત જેવું કંઈ હોતું નથી એવો જે વિશ્વાસ તૂટવા લાગ્યો હતો તે પાછો મજબૂત થઈ ગયો.

આ બાજુ પ્રવીણ અને છોટુએ પોતાની ઘરે પહોંચી ભૂતના પ્રકોપની વાત કરી. થોડા દિવસમાં તો આખા ગામમાં આ વાત ફેલાઈ ગઈ અને ગામના લોકોની ઝાડ પાસે ભૂત હોવાની જે માન્યતા હતી તે વધુ દ્રઢ બની.

વાર્તાનો સાર

કોઈ એક નાના પ્રસંગની વાત સાંભળી, તેમાં થોડા પાત્રો અને પ્રસંગો ઉમેરી કાલ્પનિક રીતે તૈયાર કરેલી આ વાર્તામાંથી ઘણી શીખ મળે છે. ૧) ધર્મનું ગમે તેટલું જ્ઞાન હોય, અહંકાર અને ગુસ્સો પોતાને જ અશાંત કરે છે અને નુકસાન પહોંચાડે છે ૨) માણસ જ્યારે ખૂબ ગભરાટમાં હોય છે ત્યારે જે મનમાં હોય તે જૂએ છે અને આજુબાજુનું કાંઈ દેખાતું નથી. એટલે જ છોટુને ગાડી પોતાની તરફ આવતી દેખાય છે પણ પાછળથી કે બાજુથી ધક્કો મારતા હિમ્મતભાઈ નથી દેખાતા ૩) અલગ અલગ વ્યક્તિ કોઈ એક જ પ્રસંગને પોતાની દ્રષ્ટિએ જૂએ છે અને માન્યતાઓને હકીકત તરીકે ગણી લે છે – કેટલીક વખત પૂર્ણ માહિતી પણ મેળવતા નથી. એટલે જ શહેરના યુવાનો અને ગામના લોકો એક જ પ્રસંગમાંથી એકબીજાની વિરુદ્ધ એવી માન્યતાઓને મજબૂત બનાવે છે. ૪) આપણે આપણા મનમાં જ કેટલાક ભૂતને (negative thoughts) જન્મ આપીએ છીએ જેનાથી આપણે ડરતા રહીએ છીએ. જે લોકો સંપૂર્ણ જ્ઞાન મેળવે છે તે હિંમતપૂર્વક આગળ વધે છે અને જે અધૂરા જ્ઞાન સાથે ડર્યા કરે છે તે પ્રગતિના ઘણા રસ્તા બંધ કરી દે છે.

**– નીતિન શાહ**

(લેખક પરિચય : મૂળ વતન વડોદરા. ૧૯૯૯માં નોકરી અર્થે અમદાવાદ આવીને વસ્યા અને થોડા વખત પહેલા એક multi national સોફ્ટવેર કંપનીમાંથી નિવૃત્ત થયા અને બે મિત્રો સાથે નાનો Business શરૂ કર્યો. તેમણે પોતાના વિચારોને વાર્તાના સ્વરૂપે રજૂ કરી છે. આ તેમની પ્રથમ વાર્તા છે.)





## આપણું કજિયાખોર માનસ



સામાજિક સ્તર પર દૃષ્ટિપાત કરીએ તો ખોટી હુંસાતૂસી પરસ્પર તેજોવધ કરવાની અને ખંડનાત્મક પ્રવૃત્તિઓ (Negative Approach)માં રાચવાની ઘેલછામાં આપણું ઝઘડાખોર માનસ પ્રતિબિંબિત થાય છે.

આર્થિક બાબતમાં થતા કંકાસ–કજિયામાં ઈર્ષ્યા, ખોટી હરિફાઈ અને વ્યર્થ આંડબરમાં આપણું આ વિચિત્ર માનસ દૃષ્ટિગોચર થાય છે. સાંસારિક ક્ષેત્રમાં બહુધા પતિ–પત્ની, સાસુ–વહુ, પિતા–પુત્ર અને ભાઈ–ભાઈ વચ્ચેના સંઘર્ષ થયાનાં સંખ્યાબંધ કિસ્સાઓ આપણે વર્ષોથી નિહાળતા આવ્યા છીએ. એટલે “એમાં કાંઈ નવાઈ નથી. એવું તો ચાલ્યા કરે” એ પ્રકારનો આપણો બહુ ગવાયેલો અભિગમ બદલાવો જોઈએ. પ્રત્યેક માનવીમાં સ્વભાવગત રહેલું સમાધાનકારી વલણ જાણે કે આપણે ગૂમાવી બેઠા છીએ ! એક કિસ્સામાં એવું જાણવા મળ્યું હતું કે ભાઈઓ વચ્ચેના ઝઘડાના કારણે એક ભાઈની સુંદર અને ભણેલી કન્યા પસંદ પડી હોવા છતાં માગું નકારવામાં આવ્યું હતું. તેની પાછળનો હેતુ એ જ કે કદાચ કન્યા પણ કજિયાખોર હોય તો ?

માતા–પિતા વચ્ચે થતા રોજ–બ–રોજનાં કજિયાથી સંતાનોના કુમળા માનસ પર બહુ ઘેરી અસર પડતી હોય છે. આ બાબત પરત્વે લેશ માત્ર દુર્લક્ષ કરવું આપણને પાલવે નહીં. માતા–પિતાના સદ્‌વ્યવહાર સરળતા અને પ્રામાણિકપણાનું પ્રતિબિંબ આગળ જતાં અવશ્ય જોવા મળે છે. હર કોઈ કજિયા–ઝઘડાનું મૂળ આપણે જાણતાં હોવા છતાં તેને દૂર કરવાની ભાવના કેળવાતી નથી. ઘણી વાર તેમાં આપણને કેળવણી અને શિક્ષણનો અભાવ માલૂમ પડે છે. આર્થિક અસમાનતા પણ એક કારણ હોઈ શકે! પરંતુ ક્ષુલ્લક જણાતા ઝઘડાનું નિવારણ ચોક્કસપણે સમાધાનકારી વલણથી કરવું જોઈએ. વૈચારિક વૈમનસ્યમાં બુદ્ધિનો પ્રભાવ વધુ હોય છે. ઘરનો, સમાજનો, ધાર્મિક, સાંસારિક, આર્થિક હોય કે વૈચારિક મતભેદ હોય તો સામે બેસીને પરસ્પરમાં વિશ્વાસ રાખીને જો સમસ્યા હલ કરવામાં આવે તો સમાધાન હાથવેંતમાં છે.

“નિરાશા મળે તેથી શું ? નિષ્ફળતાઓ તો સ્વાભાવિક છે. તે જીવનનું ખમીર છે એના વિનાનું જીવન કેવું જાય ? જીવનમાં સંગ્રામ જ ન હોય તો જીવનની કિંમત જ ન રહે. જીવનમાંથી માધુર્ય જ ઊડી જાય. ભૂલોથી કે અથડામણોથી ગભરાશો નહીં. નિષ્ફળતાઓથી કદી પાછા પડશો નહી. આદર્શને પકડી રાખવાનો એક હજાર વખત પ્રયત્ન કરો ને હજારવાર નિષ્ફળ જાઓ તો પણ ફરીથી પ્રયત્ન કરજો.” – સ્વામી વિવેકાનંદ

**– દિલીપ શાહ,**
**મુંબઈ**

સ્વ. રમણલાલ બ્રેડીના પરિવારના જય શ્રી કૃષ્ણ.

# ભગવાન શ્રી કૃષ્ણનું પ્રાગટ્ય
## ઈ.સ. પૂર્વે ૩૨૨૮ની ૨૧મી જુલાઈની મધરાતે – મથુરામાં



પશ્ચાદ્ ભૂમિકા :–

આજથી આશરે ૮૦૦૦ વર્ષ પહેલા અખંડ હિન્દુસ્તાનનાં સીમાડાઓ, પશ્ચિમ–ઉત્તરે આવેલ છેક સીંધ, મુલતાન, બલુચીસ્તાન, કાબુલ, કંદહાર (અફઘાનિસ્તાન)થી માંડીને પૂર્વ દક્ષિણે છેક, જાવા, સુમાત્રા, બાલી, બ્રહ્મદેશ, સિલોન સુધી ફેલાયેલા હતા.

આ સંસ્કૃતિ સિંધુ નદીનાં બંને કાંઠે વિસ્તરી હોવાથી આ સંસ્કૃતિ સિંધુ ખીણની સંસ્કૃતિ તરીકે ઓળખાતી હતી. અફઘાનિસ્તાનથી ગુજરાત (ધોળાવીરા – લોથલ) સુધી ફેલાયેલી આ સંસ્કૃતિ અડધા ભારત એટલે કે પંદર લાખ ચોરસ કિલોમીટર જેટલો વ્યાપ ધરાવતી હતી. આપણું ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, પંજાબનો ઘણો બધો ભાગ વિ. સિંધુ સભ્યતાના જ પ્રદેશો હતા. તેઓ ધનવાન અને રત્ન ભંડારોથી ભરપૂર હતા. પ્રજા એકંદરે ધર્મ–ભીરૂ અને સહનશીલ હતી. તેઓએ વિવિધ પ્રકારનું સાહિત્ય સર્જ્યું. જેમાં સુભાષિતોથી લઈને ધાર્મિક કથાઓ ચરિત્રાત્મક મહાકાવ્યો વગેરે મુખ્ય હતા. અહીંની ભાષાઓ અલગ અલગ હતી, પણ દેવભાષા સંસ્કૃત હતી.

ભૌગોલિક દ્રષ્ટિએ અહીંની આબોહવા ઉષ્ણ અને સમશીતોષ્ણ કટીબંધની હોવાથી લોકોનો મુખ્ય વ્યવસાય પશુ–પાલન, ડેરી ઉપજ અને ધન–ધાન્યનો હતો. આ આખો વિસ્તાર "આર્યાવ્રત" તરીકે પણ ઓળખાતો હતો. બ્રાહ્મણો, ઋષિમુનિઓ અને વિદ્યા–દાન અને ધાર્મિક જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હતા, પણ સાથે સાથે રાજાશાહી રાજ–વહીવટમાં સલાહ–સૂચન પણ આપતા.

રાજાઓમાં સંપ કરતા કુસંપ વધુ હતો, માટે દરેક વખતે તેઓ અંદર–અંદરના યુદ્ધો વખતે યંત્ર–મંત્ર અને તંત્ર વિદ્યા વડે બનાવેલા નવા–નવા આયુધો વાપરતા તેમની સેનાઓ અક્ષોહિણી સેનાઓ તરીકે ઓળખાતી. તે સમયે વિવિધ પ્રકારના રાજ–મહેલો, દેવાલયો, ભવ્ય મંદિરો, ઈમારતો ચણવી, બહુ સામાન્ય બાબતો હતી.

(લોથલ–ધોળાવીર, મોહન–જો–દરો વગેરે આનાં ઉદાહરણ છે.)

એ સમયે આશરે ૫૦૦૦ વર્ષ પૂર્વે "બ્રહ્મશ્રત્ર" વંશનો એક ફંટો રાજા શાંતનુંથી ભીષ્મ પિતામહથી મહર્ષિ વ્યાસ મુનિ – કૃષ્ણદ્વૈપાયન થી ધૃતરાષ્ટ્ર અને પાંડુ સુધી ફેલાયેલો હતો અને તેમનો બીજા એક ફાંટો પાંચાલોથી બ્રહદથ્થ, જરાસંઘથી નંદવંશ, ચાણક્ય –

જ્યોતિબેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ – મુંબઈ)જય શ્રી કૃષ્ણ.



સ્વ. વિદ્યાબહેન રસિકલાલ શાહ (કડી)ના જય શ્રી કૃષ્ણ.–હ. પ્રેરણાબેન કે. પરીખ

ચંદ્રગુપ્ત મૌર્ય સુધી ફેલાયેલો હતો.

ધૃતરાષ્ટ્રની રાજધાની હસ્તીનાપુરમાં આવેલી હતી અને બ્રહદથ્થ – જરાસંઘની રાજધાની અવધમાં આવેલી હતી. તેમનું એક ચક્રીશાસન ઉત્તર અને મધ્ય ભારતમાં ફેલાયેલું હતું. ધુતરાષ્ટ્રના લગ્ન અફઘાનિસ્તાનનાં તે વખતમાં ગાંધાર દેશની રાજકુમારી "ગાંધારી" સાથે થયેલા અને તેનાં પુત્રો કૌરવો તરીકે ઓળખાયા. બીજી બાજુ યદુવંશમાં જન્મેલા વસુદેવ, દેવકી, ઉગ્રસેન, કંસ, શિશુપાલ, બળદેવ, કૃષ્ણ–સુભદ્રા તથા કુંતીમાતાનો વંશ ફેલાયેલો હતો. તેઓની રાજધાની મથુરામાં હતી, અને તેમનું એકચક્રી શાસન મથુરાથી દિલ્હી, આગ્રા સુધી ફેલાયેલું હતું. કુંતીમાતા ધૃતરાષ્ટ્રના ભાઈ પાડુંરાજાને પરણ્યા, માટે તેમનાં પુત્રો પાંડવો કહેવાયા. અમે પાંડુ–પુત્રો અને કૃષ્ણ, સુભદ્રા વિ. મામા–ફોઈનાં સંબંધોથી બંધાયા. હસ્તિનાપુરનાં રાજમહેલમાં આમ ધૃતરાષ્ટ્ર – ગાંધારીનાં પુત્રો 'કૌરવો' અને પાંડુરાજા અને કુંતીમાતાનાં પુત્રો પાંડુ–પુત્રો સાથે સાથે ધર્નુવિદ્યા, રાજપાઠ વિ.ની વિદ્યાઓ સાથે લેતા થયા, પણ પાંડવોની ગ્રહણ શક્તિ અને કૂશળતાથી કૌરવોને તેમને માટેનું વેરઝેર વધતું ચાલ્યું.

★★★

દ્રૌપદી સાથેનાં પાંડુપુત્રોનાં લગ્ન અને ખાંડવવનનાં વેરાન જંગલોમાં ઉભી કરેલી "ઈન્દ્રપ્રસ્થ" નગરીની જાહોજલાલી જોઈને કૌરવ–પુત્રો ચોંકી ગયાં. તેથી તેઓનું સર્વસ્વ લૂંટી લેવા ગાંધાર નરેશ શકુનિએ પોતાની માતાનાં અંતિમ સમયે તેનાં શરીરમાંથી કાઢી લીધેલા એક અસ્થિ(હાડકુ)માંથી બનાવેલા "પાસાઓ" વડે હસ્તીનાપુરમાં રાજદરબારમાં દ્યુત–ક્રીડા રમવાનું ગોઠવ્યું.

શકુનિની માતાનાં અંતિમ સમયે તેણે પોતાનાં પુત્ર શકુનિને કહેલું કે આ અસ્થિ તેનાં સંકટ સમયમાં તેનો આદેશ સાંભળીને તેને મદદ કરશે, પણ... તે સમયે તેની માતાને ખબર નહોતી કે તેનો પુત્ર શકુનિ આ અસ્થિમાંથી આગળ જતા... દ્યુત–ક્રિડા રમવાના પાસા બનાવશે જે પાસા અંતે.... તેની પોતાની પુત્રી "ગાંધારી"ના કુળનું નિકંદન કાઢી નાંખવા નિમિત્ત બનશે અને આપણી સિંધુ–ખીણની સંસ્કૃતિનાં પાયાં હચમચાવી નાંખશે, ખેદાન–મેદાન કરી નાંખશે.

હસ્તિનાપુરનાં રાજ દરબારમાં રમાયેલા આવા "પાસાઓ" વડે પાંડવોનું સર્વસ્વ હણાઈ ગયું. દુર્યોધને દ્રૌપદીને પોતાની દાસી બનાવીને તેનાં સાથળ પર બેસાડીને અંતે તેનાં ચીર–હરણ કર્યા. પાડુંપુત્રોને એક વનમાંથી બીજા વનમાં ભટકતા કરી દઈ... કૌરવો અને પાંડવો વચ્ચે હવે પછી કુરુક્ષેત્રનાં મેદાનમાં ખેલાનાર મહાયુધ્ધમાં આરંભ કરી દીધો. અંતે... કૌરવ પુત્રો પણ કુરુક્ષેત્રમાં રણ મેદાનમાં હણાયા. ગાંધારી સો–સો પુત્રોની માતા હોવા છતાં

સ્વ. શાંતાબહેન કનૈયાલાલ પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.–હ. પ્રેરણાબહેન કે. પરીખ

સ્વ. પ્રભાવતી બહેન શ્યામલાલ પરીખના જય શ્રી કૃષ્ણ.–હ. દેવીબેન પરીખ

પુત્ર વિહોણી બની જીવતે જીવ તેની પુત્રવધૂઓ પોતાના પતિઓના વધને કારણે વિધવા થઈને જંગલમાં ભટકતી થઈ ગઈ.

કુરૂક્ષેત્રનાં મેદાનમાં કૌરવપુત્રોની લાશો ને અગ્નિ–દાહ મળવો તો મુશ્કેલ રહ્યો, પણ તેઓની લાશને ગાંધારીએ ગીધ, શિયાળ, કૂતરા અને કાગડાઓની તીક્ષ્ણ ચાંચો વડે ચુંથી કાઢતા જોઈ તે મુર્છાગ્રસ્ત બની ગઈ. મહાયુધ્ધમાં ૧૮માં દિવસે દુર્યોધને હસ્તિનાપુરની રાજધાનીમાં દ્રૌપદીને પોતાની દાસી બનાવી, તેને જાંઘ પર બેસાડેલી, તે જાંઘને ગદાવર ભીમે પોતાની શક્તિશાળી ગદાથી તોડી નાંખેલી જોઈ ગાંધારીનું હૈયું ચિરાઈ ગયું તેની ચેતનાઓ શૂન્ય બની ગઈ અને ફરીથી બેભાન થઈ ગઈ.

કુરૂક્ષેત્રનાં મેદાનમાં ખેલાયેલું આ મહાયુધ્ધ કુલ ૧૮ દિવસ ચાલ્યું. અને અંતે... પાંડવો વિજયી થયા. તેમણે ત્યારબાદ અશ્વમેઘ યજ્ઞ કર્યો. એ પછીનાં ૧૫ વર્ષ બાદ ધૃતરાષ્ટ્ર, ગાંધારી, કુંતી–માતા, વિદુર અને સંજય ઘોર જંગલમાં આવેલા “શતાયુય” આશ્રમમાં તપશ્ચર્યા કરવા ચાલી ગયા, જ્યાં પાંડવો તેમને મળવા ગયા, તેના એક જ મહિના પછી જંગલમાં લાગેલા દાવાનળમાં ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુંતી–માતા ભસ્મીભૂત થઈ ગયા. આમ અધર્મ અને અસત્યનો સહારો લઈને, કાવાદાવા કરીને સાધુપુરુષોને રંજાડનાર કૌરવ વંશનો નાશ થયો.

ભગવાન શ્રીકૃષ્ણનું અવતાર કાર્ય પૂર્ણ થયું. તેમણે ઈ.સ. પૂર્વે ૩૧૦૨નાં ફેબ્રુઆરી મહિનાની ૨૦મી તારીખે પોતાનું વિશ્વ લોચન બીડયું. અને કળિયુગની પહેલી રાતનો આરંભ થયો.

★★★

કુરુક્ષેત્રનાં મેદાનમાં ખેલાયેલા મહાયુધ્ધના આરંભમાં કૌરવો અને પાંડવો બંને પક્ષની અક્ષૌહિણી સેનાઓ સામસામે ઉભી હતી. પુરોહિતો, બ્રાહ્મણો, જપ–મંત્ર અને ઉત્તમ ઔષધીઓ દ્વારા પાંડુ–પુત્રોનાં કલ્યાણની કામના કરતા હતા. અર્જુનનો રથ પણ અગ્નિ સમાન શોભી રહ્યો હતો. તેનાં રથની આગળ શ્વેત અશ્વો જોડાયેલા હતા. કપિધ્વજ અર્જુન, ગાંડીવ ધનુષ લઈને રથ પર આરૂઢ હતા, અને એમનાં સારથિ શ્રી કૃષ્ણ તેનાં રથની બાગડોર સંભાળતા હતા, તેથી ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને પાંડવ–સેના પર સિંહ દ્રષ્ટિ ફેરવતા ભિષ્મ પિતામહને બતાવ્યા.

ભિષ્મ પિતામહની દ્રષ્ટિ જેવી પાંડવો પર પડી કે તરત જ શંખ અને ભેરી જેવા વાદ્યોથી રણમેદાન ગાજવા માંડયું, અને એમણે સિંહ–સમાન ગર્જના કરીને જેવો શંખ ફૂક્યો કે તરત જ ઢોલ–મૃદંગ એક સાથે વાગવા લાગ્યા. એથી શ્વેત અશ્વરથમાં બેઠેલા શ્રીકૃષ્ણે અને અર્જુને પણ પોતપોતાના પાંચજન્ય અને દેવદત્ત નામનાં શંખ વગાડ્યા. કૌરવ સેના

સ્વ. મનુભાઈ શ્યામલાલ પરીખ પરિવારના જય શ્રી કૃષ્ણ.



રીલીફ સિનેમા, અમદાવાદ (ઈન્દુભાઈ ડી. શાહ એન્ડ બ્રધર્સ)ના સૌજન્યથી.

અને પાંડવ સેનાએ પણ અલગ અલગ શંખો વગાડીને કુરુક્ષેત્રનાં મેદાનને ગજવી કાઢ્યું.

અર્જુને સામે પક્ષે માંડેલા મોરચામાં કોણ કોણ છે, તે જોવા અર્જુને શ્રીકૃષ્ણને પોતાના રથને રણક્ષેત્રની બંને સેનાઓ વચ્ચે ઉભો રાખવાનું કહ્યું. સેના વચ્ચે ઉભેલા રથમાંથી, અર્જુનની દ્રષ્ટિ જેવી તેજસ્વી પ્રભાવ પાથરતા શ્વેતકેશી ભીષ્મ પિતામહ અને વિદ્યાદાતા દ્રોણાચાર્ય પર પડી કે તે વિચારમાં પડી ગયો કે શું? મારે આવા કુળ ગૌરવોને મારવાનાં છે તે વિચારી હતોત્સાહ બની ગયો. તેનાં મનમાં ઝંઝાવાત જાગ્યો અને તીવ્ર મનોમંથન અનુભવતો – આ યુધ્ધથી શું પુણ્ય મળવાનુ છે? વિચારી ભગવાન શ્રીકૃષ્ણના પગમાં બેસી પડયો.

ભગવાને આવા કસમયે તેનો આવો મોહ કેવી રીતે પ્રાપ્ત થયો ? કહી, અર્જુનને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે ક્ષત્રિયો માટે યુધ્ધ એ જ પ્રાણ છે, આવા યુધ્ધ સમયે પીઠ ફેરવીને બેસી જવું એ અપકીર્તિ આપનારું છે. આમ કહી તેને દરેક વિષાદમાંથી બહાર લાવવાનો પ્રયત્ન કર્યો... છતા તે વિષાદમાંથી બહાર ના આવતા અંતે તેનો શોક અને મોહને સદા માટે નષ્ટ કરવા તેને દિવ્ય દ્રષ્ટિ આપી અને ભગવાન શ્રીકૃષ્ણે પોતે ધારણ કરેલા અનેક દિવ્ય આભૂષણો, માળાઓ, આયુધો અને દિવ્ય વસ્ત્રો સાથેનાં તેમનાં વિરાટ સ્વરૂપનું દર્શન કરાવી અને કહ્યું કે હે અર્જુન !! સમસ્ત ભુતોની ઉત્પત્તિનું કારણ હું છું.

સૂર્યમાં પ્રકાશરૂપે, અગ્નિમાં તેજરૂપે, આકાશમાં શબ્દ રૂપે અર્થાત જગતનું મૂળરૂપ એક જ છે અને આ દેખાતા વૈવિધ્યાતાનાં મૂળ રૂપમાં પણ સર્વત્ર હું જ છું.

મારા અને તારા અનેક જન્મો થઈ ચૂક્યા છે... એ બધાને તું નથી જાણતો પણ હું જાણું છું. એમ કહી અર્જુનને કહ્યું કે જ્યારે જ્યારે ભારત ભૂમિ પર ધર્મની અતિ હાની થાય છે, અધર્મની અતિ વૃધ્ધિ થાય છે. ત્યારે ત્યારે ... યુગે યુગે... સાધુ પુરુષોનો ઉધ્ધાર કરવા, પાપ–કર્મીઓનો વિનાશ કરવા અને ભૂમિ પરનો ભાર ઘટાડવા મારા સાકાર સ્વરૂપે પ્રગટ થાઉ છું. (શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય – ૪.૭) માટે સર્વ કાળે તું મારૂં જ સ્મરણ કર અને યુધ્ધ કર. આમ કરવાથી તું ચોક્કસ મને જ પામીશ. (અધ્યાય – ૮.૭) એમ કહી ભગવાને અર્જુનને આપેલી દિવ્ય દ્રષ્ટિ પાછી ખેંચી લીધી. આ સાંભળી અર્જુનનો મોહ નષ્ટ થઈ ગયો. તે જાણી ગયો કે શ્રીકૃષ્ણ પોતે જ સર્વાવતારી પરાત્પર પુર્ણ પુરુષોત્તમ પરમેશ્વર છે, તેમનાથી શ્રેષ્ઠ તો શું તેમનાથી સમકક્ષ પણ કોઈ નથી. એમણે પોતે અધર્મીઓનો નાશ કરવા માટે જ અવતાર ધારણ કરીને એને નિમિત્ત બનાવ્યો છે, તેથી ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞાનું પાલન કરવા તૈયાર થઈ ગયો અને... હે કૌશવ !! યુધ્ધમાં કલ્યાણ નથી કહેનાર અર્જુને પોતાનાં ગાંડિવને હાથમાં લીધું અને યુધ્ધ કરવા તૈયાર થઈ ગયો.

અંતે... આ મહાયુધ્ધ કુલ ૧૮ દિવસ ચાલ્યું. આ અઢાર દિવસનાં યુધ્ધે દુનિયાની ભુગોળ અને ઈતિહાસ બદલી નાંખ્યા.

ગોકુલ મેટરલાઈઝર પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી.

શ્રીમતી ઈન્દુમતી કેશરીચંદ શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.-હ.કે.પી.શાહ

આ યુધ્ધમાં પાંડવ સેનાનાં આશરે ૧૪ કરોડ અને કૌરવ પક્ષનાં આશરે ૧૬ કરોડ સૈનિકો તથા ભીષ્મ પિતામહ, કર્ણ, ગુરૂ દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, અશ્વત્થામા વગેરે યુધિષ્ઠિર તથા અર્જુનના હાથે હણાયા. મહાયુધ્ધનાં અનોખા લડવૈયા પાણીદાર ઘોડાઓ, હાથીઓ, ઉંટ, બળદ અને કબૂતરોનો પણ ક્ચ્ચરઘાણ નીકળી ગયો. (રામાયણમાં શ્રી રામે રીંછ અને વાનરની મદદથી રાવણ સામે વિજય મેળવેલો, તેમ મહાભારતમાં અશ્વત્થામા હાથીનાં પરાક્રમની ગાથાઓ છે.)આકાશ રક્તરંજીત થઈ ચૂક્યુ અને સ્થળ હતું ત્યાં જળ થઈ ગયું અને જળ હતું ત્યાં સ્થળ થઈ ગયું. અઢળક હથિયારો અને યુધ્ધ સામગ્રીથી માનવ-જીવન નષ્ટ થઈ ગયું.

મહાયુધ્ધનાં ૧૦માં દિવસે ભીષ્મ-પિતામહને બાણ શૈયા પર સુવાડી દીધા. કર્ણને માગશર વદની ચૌદસની દિવસે હણી લીધો. ગુરુ દ્રોણાચાર્યને અને કૃપાચાર્યને યુધ્ધનાં બારમા દિવસ હણી લીધા અને અંતે... યુધ્ધનાં અઢારમા દિવસે દુર્યોધન માર્યો ગયો પછી યુધ્ધ સમાપ્ત થયું.

આમ શકુનિએ પોતાની માતાનાં અસ્થિમાંથી બનાવેલા દ્યૂત-કિડા રમવાના પાસાએ અખંડ હિન્દુસ્તાનનાં પંદર લાખ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલી સિંધુ નદીનાં બંને કિનારે વિકસેલી સિંધુ ખીણની સંસ્કૃતિનો નાશ કરી નાંખ્યો. ચારે બાજુ સર્વનાશ થયો, જેમાં કેટલાય નગરો, ઈમારતો નષ્ટ પામી, અને દરીયામાં ડૂબી ગઈ. ભગવાન શ્રીકૃષ્ણની સોનાની દ્વારીકા પણ અંતે... દરીયામાં ડૂબી તેને ૫૦૦૦ વર્ષથી પણ વધુ વર્ષ થઈ ગયા હોવા છતાં આજે પણ તેનાં પડઘાં ક્યાંકને ક્યાંક સંભળાય છે.

અમેરિકાની મેસેસ્યુશેટમાં આવેલી વુડસ હોલ ઓશનોગ્રાફીક ઈન્સ્ટીટ્યુટ (ડબલ્યુ.એચ.ઓ.આઈ.)ના સંશોધકો, જગતની આઠ હજાર વર્ષ પહેલા વિકસેલી "સિંધુ-ખીણ"ની સંસ્કૃતિ કેમ નષ્ટ પામી તેના કારણો શોધવા સી-ફોસીલ (દરીયાઈ અવશેષો) અને દરીયાઈ જીવોનાં ડી.એન.નો. નો આધાર લઈને સંશોધનો કરી રહ્યા છે.

ભગવાન શ્રી કૃષ્ણની સોનાની દ્વારિકા અહીંયા ડૂબી ગઈ છે - તેમાંથી આવા અવશેષો મળશે તો શકુનિએ પોતાની માતાના અસ્થિમાંથી બનાવેલા જુગારના પાસાઓ સિંધુ ખીણની સંસ્કૃતિના વિનાશ માટે નીમિત્ત બનશે. આ મહાભારતનાં મહાયુધ્ધ ને "મહાકાવ્ય" તરીકે ના ઓળખતા મહાયુધ્ધ તરીકે ઓળખશે.

**- સનતભાઈ શાહ,**
**અમદાવાદ**

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.



ડૉ. રોહિતભાઈ જયંતીલાલ શાહ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

# ધર્મરક્ષક શ્રીવલ્લભાચાર્યજી



વૈદિક ધર્મ પરંપરામાં પાંચ આચાર્યોએ ભારતની ભૂમિ પર અવતાર લીધો છે. (૧) શ્રી શંકરાચાર્યજી (૨) શ્રી નિમ્બકાચાર્યજી (૩) શ્રીરામાનુજાચાર્યજી (૪) શ્રી મધ્વાચાર્યજી (૫) શ્રી વલ્લભાચાર્યજી.

શ્રી વલ્લભાચાર્યજીના પૂર્વજો આંધ્રપ્રદેશના હતા ત્યાં વ્યોમસ્તંભ પર્વત છે. તેની તળેટીમાં કાંકરવાડ નામનું ગામ હતું તે કૃષ્ણ નદીને કિનારે વસેલું હતું. આ પ્રદેશ તેલંગણા તરીકે પણ કહેવાય છે.

શ્રી વલ્લભાચાર્યજીના કુટુંબના મૂળ પુરુષ શ્રી યજ્ઞનારાયણ ભટ્ટ હતા. તેમણે સો સોમયજ્ઞ કરવા ઇચ્છા કરી હતી. પોતાના જીવનકાળમાં તેમણે ૩૨ યજ્ઞ કર્યા બાદ તેમના પુત્ર શ્રીગંગાધર ભટ્ટે ૨૮ સોમયજ્ઞો કર્યા. તેમના પુત્ર શ્રી ગણપતિ ભટ્ટે ૩૦ સોમયજ્ઞો કર્યા. તેમના પુત્ર શ્રી બાલભટ્ટ થયા. તેમણે પાંચ સોમયજ્ઞો કર્યા. તેમના પુત્ર શ્રી લક્ષ્મણભટ્ટે પાંચ સોમયજ્ઞો કર્યા. આ રીતે સો સોમયજ્ઞો સંપન્ન થયા.

વિ.સં. ૧૫૩૫માં ચૈત્ર કૃષ્ણ એકાદશી રવિવારે મધ્યાહને ચંપારણ્યમાં મોટા અગ્નિકુંડમાંથી એક દિવ્ય અદ્‌ભુત બાલકનું પ્રાકટ્ય થયું. સો સોમયજ્ઞોનું આ ફળ હતું. આ બાળક એ જ શ્રીવલ્લભાચાર્યજી.

આપશ્રીનું બાળપણ તથા વિદ્યાયન કાશીમાં થયું. નાનપણથી જ કાશીના વિદ્વાનો તેમને બાલસરસ્વતી તથા વાક્પતિ નામે વખાણતા.

આપશ્રીના પિતૃચરણો શ્રી લક્ષ્મણભટ્ટજી જીવનલીલા સંકેલી પ્રભુપ્રવિષ્ટ થયા ત્યારે આપ ૧૧ વર્ષના હતા. કાશી અને જગન્નાથપૂરીમાં શાસ્ત્રાર્થમાં વિજયી થયા. માતૃચરણો શ્રીઈલ્લામાજીની આજ્ઞા લઈ શ્રી ભાગવત માર્ગ પ્રચાર માટે ભારત યાત્રા શરૂ કરી. મધ્યપ્રદેશમાં ઘટસરસ્વતી તાંત્રિકને શાસ્ત્રાર્થમાં હરાવ્યો. ત્યાંના રાજા રામભદ્રે શ્રીવલ્લભનો કનકાભિષેક કર્યો.

આપશ્રી ખુલ્લા ચરણે યાત્રા કરતા. યાત્રા દરમ્યાન ગામ બહાર જલાશય પાસે વૃક્ષ નીચે નિવાસ કરતા. સ્વયં પાક કરી પોતાના પ્રભુને ભોગ ધરી પ્રસાદ લેતા. યોગ્ય સ્થળે શ્રી ભાગવત પારાયાણ કરતા. આ સ્થળો હાલમાં બેઠકજી રૂપે પ્રસિદ્ધ છે.

ત્રણ યાત્રાઓ આપે કરી છે. તે દરમ્યાન વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરી પોતાના મતનું સ્થાપન કર્યું. આ મત શુદ્ધાદ્વૈત નામથી ઓળખાય છે. આ પાયા પર પુષ્ટિસંપ્રદાયની ભવ્ય ઈમારત ઉભી થઈ છે. આપે દૈવી જીવોને શરણ દીક્ષા બ્રહ્મસંબંધ તેમના અધિકાર

સ્વ. રસિકલાલ લલ્લુભાઈ શાહના પરિવારના જય શ્રી કૃષ્ણ.

મુજબ આપ્યા. આપના ૮૪ વૈષ્ણવો પ્રસિદ્ધ છે. પોતાના સેવકો સિવાય અન્યનું કાંઈ પણ લેતા ન હતા. પોતે પધાર્યા છે તેવી ખબર પણ કોઈને દેતા નહીં.

બીજી યાત્રા દરમ્યાન આપ ઝારખંડમાં હતા. ત્યાં શ્રીજીબાવાએ પોતે શ્રીગિરિરાજમાં પ્રકટ થયા છે તે જતાવ્યું અને પાટ પધરાવવા આજ્ઞા કરી. આપ વ્રજમાં આવ્યા અને અખાત્રીજે શ્રીજીબાવાને શ્રીગિરીરાજજી પર કાચું મંદિર બાંધી પાટ પધરાવ્યા.

આ યાત્રાઓ દરમ્યાન આપે ધર્મરક્ષક તરીકે પોતાના સ્વરૂપનું દર્શન કરાવ્યું છે.

પ્રથમ યાત્રા દરમ્યાન મથુરા પધાર્યા. તે વખતે લોધી વંશનું શાસન હતું. તેના એક સુબાએ વિશ્રામઘાટ પર એક યંત્ર મુકાવ્યું. તે ધર્મદ્વેષી હતો. આ યંત્ર નીચેથી પસાર થતા માણસોની ચોટી કપાઈ જતી અને દાઢી બની જતી હતી. આથી મથુરાવાસીઓ ડરી ગયા. યમુનાસ્નાન બંધ કર્યું.

આ વખતે શ્રીમહાપ્રભુજી પધાર્યા તથા નગરજનોને સાથે લઈ વિશ્રામઘાટે યમુનાસ્નાન કર્યું. યંત્રનો પ્રભાવ દેખાયો નહીં. પોતાની અનુપસ્થિતિમાં પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે આપે એક યંત્ર બનાવ્યું. સુબાની રાજધાનીના કિલ્લાના દ્વારે ગોઠવાયું. આ યંત્રના પ્રભાવથી મ્લેચ્છોની દાઢી કપાઈ જતી અને ચોટી થવા લાગી. સુબાએ આ વાત જાણી. શ્રીમહાપ્રભુજીના કહેવાથી વિશ્રામઘાટ પરનું યંત્ર હટાવી દીધું તે પછી શ્રીવલ્લભે પોતે ગોઠવેલ યંત્ર હટાવી દીધું. આમ ધર્મરક્ષા કરી.

વ્રજયાત્રા કરતાં આપ બહુલાવન પધાર્યા. અહીંના વ્રજવાસીઓ પરંપરાથી બહુલા નામની ગાયની મૂર્તિની પૂજા કરતા હતા. મુસ્લિમ સુબાએ તે પણ બંધ કરાવી હતી. તેણે ફરમાન કાઢ્યું કે આ ગાયની મૂર્તિ ઘાસ ખાય તો જ મૂર્તિ પૂજા કરવા દઈશ. વ્રજવાસીઓ ચિંતામાં હતા. ત્યાં શ્રીવલ્લભ પધાર્યા. સઘળી હકીકત જાણી. બીજા દિવસે મુસ્લિમ સુબાને બોલાવ્યો તેની દેખતાં ગાયની મૂર્તિ પૂંછડી આગળ ઘાસ નીર્યું. મૂર્તિમાં પ્રાણ આવ્યો. ગાય તેનું મોં ફેરવી ઘાસ ચરવા લાગી. સુબાએ પુન:ગાયની મૂર્તિની પૂજાની છૂટ આપી. વ્રજવાસીઓમાં આનંદ મંગલ છવાયો. આ રીતે પુન: ધર્મરક્ષા કરી.

શ્રીકૃષ્ણ પ્રભુને વશ સમગ્ર જગત છે અને શ્રીવલ્લભને વશ શ્રીકૃષ્ણ પ્રભુ છે. આથી જ તઓ મહાપ્રભુ કહેવાય છે.

નૂતન વર્ષે સમસ્ત જ્ઞાતિજનો પર કૃષ્ણકૃપા વરસતી રહે તેવી વિનંતી સાથે મારા દ્વારા થયેલ આ લેખન શ્રીવલ્લભાચાર્યજીના ચરણકમલોમાં સમર્પિત કરું છું.

**– ડૉ. પીયૂષ પરીખ**





## શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ ઉછામણી અંગે અગત્યની સૂચના

આપ સૌ જાણો છો તેમ વાયડ ખાતે પ્રતિષ્ઠા મહોત્સવનું ૧૨-૧૩-૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમ્યાન ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

હવનમાં બેસવા મુખ્ય યજમાનની ઓનલાઈન ઉછામણીની પ્રક્રિયા ચાલુ છે. મૂળ આયોજન પ્રમાણે હવન માટે એક મુખ્ય યજમાન અને બે સહ-યજમાન નક્કી કરવામાં આવ્યા હતા. પરંતુ જ્ઞાતિજનોમાં હવનમાં બેસવા માટે અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહયો છે. આ માટે જ્ઞાતિજનોએ ફોન તથા સંદેશા દ્વારા પોતાની લાગણી પ્રમુખશ્રી તથા કાર્યકર્તાઓ સમક્ષ વ્યક્ત કરી છે.

આપને જાણીને આનંદ થશે કે યજ્ઞના આચાર્યશ્રી કૃષ્ણકુમાર શાસ્ત્રીજીની સંમતિથી જ્ઞાતિજનોના લાભાર્થે ઉછામણીમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

૧. મુખ્ય યજમાન ૧૨-૨-૨૦૧૯, ૧૩-૨-૨૦૧૯ અને ૧૪-૨-૨૦૧૯ ત્રણે દિવસ હવનમાં બેસશે.
૨. મુખ્ય યજમાન ઉપરાંત **બે સહ-યજમાનને બદલે ચાર સહ-યજમાન** માત્ર ૧૪-૨-૨૦૧૯ના રોજ એક દિવસ માટે હવનમાં બેસશે.
૩. સહ-યજમાનની ઉછામણી **રૂા. ૧,૫૧,૦૦૦/-** થી શરુ થશે.
૪. સહ-યજમાનની ઉછામણી ડીસેમ્બર ૨૫, ૨૦૧૮થી શરુ થશે.

જે જ્ઞાતિજનોને ઉછામણી માટે રસ હોય તેઓએ વોટ્સએપ, ઈ-મેલ અથવા ફોન દ્વારા સંપર્ક કરવો.

સંપર્ક : સુનિલભાઈ આર. શાહ મો.: ૯૧-૯૮૨૫૦ ૪૬૨૮૨
ઈ-મેલ : vaydafamily2017@gmail.com

જ્ઞાતિજનોને ઉત્સાહભેર ઉછામણીમાં ભાગ લેવા અપીલ કરવામાં આવે છે.

**– રમેન્દ્ર જે પરીખ,**
**પ્રમુખ,**
**વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા**

સ્વ. જીવણલાલ શાહ (દેત્રોજવાળા)પરીવારનાં જય શ્રી કૃષ્ણ

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ
## શ્રી વાયડા વણિક પરિષદ

### અહેવાલ : વાર્ષિક સામાન્ય સભા - ૨૦૧૮
### રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૮

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ/પરિષદની કારોબારી સમિતિની ૬૯મી વાર્ષિક સામાન્ય સભા ૨૦૧૮ (હિસાબી વર્ષ ૨૦૧૭-૧૮) સંસ્થાનાં પ્રમુખ શ્રી શશાંકભાઈ આઈ. શાહના પ્રમુખપદે, વાયુદેવતા મંદિરના હોલમાં, વાસણા, અમદાવાદ ખાતે રવિવાર તા. ૨૫-૧૧-૨૦૧૮ ના રોજ સવારે ૧૦.૦૦ વાગે યોજવામાં આવી હતી.

સર્વે સભ્યોની ઉપસ્થિતિમાં સભાપ્રમુખ શ્રી શશાંકભાઈ આઈ. શાહની મંજૂરીથી સભાની શરૂઆત કરતાં, ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઈ કે. પરીખે પધારેલ સર્વે સભ્યોને આવકાર આપી સભ્યોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. શ્રી ધીરેનભાઈ કે. પરીખે સભામાં સૌ પ્રથમ વાર પધારેલા બહેનોનું પણ ઉમળકાભેર સ્વાગત કરી, તેઓની હાજરી માટે તેમનો આભાર માન્યો હતો.

ત્યારબાદ, સેક્રેટરી શ્રી વ્રજેશભાઈ એન. પરીખે જ્ઞાતિના સન્નિષ્ઠ પાયાના કાર્યકરો તથા કારોબારી સભ્યો (૧) સ્વ. શ્રી ચીનુભાઈ આર. શાહ (૨) સ્વ. શ્રી રમેશભાઈ બી. પરીખ અને (૩) સ્વ. શ્રી હરગોવિંદભાઈ જે. શાહના થયેલ દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ શ્રધ્ધાંજલિ અર્પી. બે મિનિટનું મૌન પાળી સદ્‌ગતોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી. સભામાં હાજર ના રહી શકવા બદલ આવેલ સંદેશા શ્રી વ્રજેશભાઈ પરીખે સભામાં વાંચ્યા હતા. તા. ૧૭-૧૨-૨૦૧૭ના રોજ મળેલી કારોબારીની વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ સંક્ષિપ્તમાં વાંચી સંભળાવેલ. જે અંતર્ગત લીધેલ સર્વે ઠરાવોને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા.

શ્રી શશાંકભાઈ આઈ. શાહ, પ્રમુખશ્રીએ સૌ સભ્યોને નવા વર્ષની શુભકામના સાથે આવકાર આપી પોતાના વક્તવ્યનો પ્રારંભ કર્યો. શ્રી શશાંકભાઈએ અગાઉની વર્ષોની સરખામણીમાં સભામાં ઓછી હાજરી માટે ખેદ વ્યક્ત કર્યો અને વધારેને વધારે સભ્યો હાજર રહે તે માટે આગ્રહ કર્યો. શ્રી શશાંકભાઈએ સભામાં એવું સૂચન કર્યું કે જો કોઈ કારોબારી સભ્ય સભામાં હાજર રહી શકે તેમ ન હોય તો જે તે મંડળના પ્રમુખને તેની જાણ કરવી, જેથી તે મંડળના પ્રમુખ બીજી કોઈ વ્યક્તિને સામાન્ય સભામાં હાજર રહેવા માટે વિનંતી કરી શકે. શ્રી શશાંકભાઈનું આ સૂચન કારોબારીના હાજર સભ્યોએ સહર્ષ વધાવી લીધું હતું. શ્રી શશાંકભાઈએ આમંત્રિત બહેનોનું પણ ઉમળકાભેર સ્વાગત કરી આભાર માન્યો હતો. શ્રી શશાંકભાઈએ જણાવ્યું કે શૈક્ષણિક સહાયના

સ્વ. જશુબહેન તથા સ્વ. મફતલાલ પી. પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.



અમર નૈમિષભાઈ પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

ફંડમાં, ફક્ત એક વર્ષના ગાળામાં રૂા. ૪૩ લાખ જેવી માતબર રકમ, સૌ જ્ઞાતિજનોએ ફાળામાં આપી. તે આપણા જેવી નાની જ્ઞાતિ માટે સિમાચિન્હ રૂપ યોગદાન કહેવાય અને તે માટે સૌ દાતાઓનો હૃદયપૂર્વક આભાર માની લાગણી વ્યક્ત કરી. આ શૈક્ષણિક સહાયની રકમ રૂા. ૫૦ લાખ સુધી લઈ જવાની ઈચ્છા દર્શાવી. તેમણે દેશ-વિદેશમાં વસતા સૌ જ્ઞાતિજનોને આ ઉમદા કાર્યમાં ઉદાર હાથે પોતાનો ફાળો રાખવા માટે વિનંતી કરી.

શ્રી શશાંકભાઈએ જણાવ્યું કે વર્તમાન સમયની બદલાયેલી સામાજિક પરિસ્થિતિમાં સંયુક્ત કુટુંબો વિભક્ત થતા જાય છે. પરિણામે ઘરના વડીલોની ચિંતાજનક પરિસ્થિતિ થવા પામે છે. તેમણે સંતાનોથી અલગ રહેતા આપણી જ્ઞાતિના વડીલ પરિવારજનો માટે એક મેડિકલ ફંડ ઊભું કરવા દરખાસ્ત મૂકી હતી. જેનું લક્ષ્ય રૂા. ૫૦ લાખ સૂચવ્યું હતું. સભામાં હાજર સૌ સભ્યોએ આ સૂચનને તાળીઓના ગડગડાટથી વધાવી લીધું.

“નવી પ્રવૃત્તિ સાથે નવો અભિગમ” - સૂત્ર હેઠળ એમણે જણાવ્યું કે જ્ઞાતિના કોઈ પણ કાર્યને શરૂઆતના ૬ થી ૮ મહિના દરમિયાન સેવા ટ્રસ્ટ ચોક્કસ સહાયરૂપ થશે. પરંતુ સમયાંતરે તે કાર્ય માટેનું ફંડ તે કાર્યના જવાબદાર વ્યક્તિની રહેશે અને તે પ્રવૃત્તિ આપમેળે નિર્ભર થાય તે જે તે જવાબદાર વ્યક્તિએ જોવાનું રહેશે.

શ્રી શશાંકભાઈએ આમંત્રિત બહેનોને સમગ્ર જ્ઞાતિના વિકાસ માટે સૂચન રજૂ કરવા વિનંતી કરી હતી. માનદ્ ખજાનચી તથા સહમંત્રી શ્રી મેહુલભાઈ એસ. શાહે હાજર રહેલ સભ્યોને ઓડીટેડ હિસાબોની કોપીઓનું(વર્ષ ૨૦૧૭-૧૮) વિતરણ કરેલ હતું. શ્રી મેહુલભાઈએ વર્ષ ૨૦૧૭-૧૮ના આવક - જાવકનું સરવૈયું તથા હાલના તબક્કામાં રહેલી ફંડની સ્થિતિ વિષેનો સંક્ષિપ્ત અહેવાલ અને અન્ય હિસાબો સભા સમક્ષ રજૂ કર્યા હતા. ચર્ચા-વિચારણા બાદ રજૂ કરેલ હિસાબો હાજર સભ્યોએ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. (બેલેન્સ શીટ આવતા અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.)શ્રી મેહુલભાઈ એસ. શાહે શ્રી રૂપેશભાઈ એચ. શાહની માનદ્ ઓડિટર તરીકે આપેલ સેવાઓને બિરદાવી હતી. શ્રી મેહુલભાઈ એચ. શાહે હિસાબી વર્ષ ૨૦૧૮-૧૯ના હિસાબોના ઓડીટ કામ માટે માનદ્ ઓડીટર શ્રી રૂપેશભાઈ એચ. શાહની વરણીનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. શ્રી રૂપેશભાઈએ હાજર રહી તેઓની માનદ્ ઓડીટર તરીકેની વરણીને સ્વીકારેલ હતી.

શ્રીમતી પ્રીતિબહેન શશાંકભાઈ શાહે જણાવ્યું કે સેવા ટ્રસ્ટની કમિટીમાં મહિલા સભ્યોને પણ તક આપવામાં આવે તો એ એક આવકાર્ય પગલું હશે. તેઓએ

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

આગળ જણાવ્યું કે સૌનો સહકાર મળે તેના માટે જ્ઞાતિની વેબસાઈટમાં ઓનલાઈન સપોર્ટ જેવી વ્યવસ્થા પણ ગોઠવી શકાય. સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જીતુભાઈ શાહે, જેઓ નાસિકથી પધારેલ હતા. સેવા ટ્રસ્ટમાં ચાલેલા તમામ કાર્યોની પ્રસંશા કરી અને યુવા વર્ગને આગળ આવવા અપીલ કરી અને હાજર રહેલા તમામ સભ્યોને આવનાર પેઢી માટે મજબુત મંચ તૈયાર કરવા અપીલ કરી હતી.

સેવા ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઈ કે. પરીખે જણાવ્યું હતું કે ડીજીટલ યુગમાં જીવંત પારસ્પરિકતા હવે બહુ અઘરી નથી. જેના માટે વેબસાઈટ ઉપર પ્લેટફોર્મનું લીંક બનાવી સૌને મોકલાવી શકાય. ઉપરાંત જ્ઞાતિની ચાલી રહેલી અન્ય પ્રવૃત્તિઓ વાયડામિત્ર, વાયકનેક્ટ, ડીજીટલ, ઓનલાઈન વસતીપત્રક, નોલેજ હબ, GCV, Whatsapp ગ્રુપ. આ તમામ પ્રવૃત્તિઓને તેમણે બિરદાવી હતી અને વાયડામિત્રના દરેક અંકમાં આ તમામ પ્રવૃત્તિઓની સંક્ષિપ્ત વિગતોનો સમાવેશ કરવા, વાયડામિત્રના તંત્રીશ્રી શ્રેણીકભાઈ એન. પરીખને અનુરોધ કર્યો હતો.

શ્રી અનિષભાઈ કે. શાહે, જેઓ મુંબઈથી અત્રે પધારેલ હતા, યુવા પેઢીને જ્ઞાતિની પ્રવૃત્તિમાં સાંકળી લેતા પોતાના સુંદર વિચારો રજૂ કર્યા હતા.

વડોદરાની પધારેલ હરીશભાઈ જે. શાહ, શ્રી અમિતભાઈ જી. પરીખ, શ્રીમતી મીતાબેન આર. પરીખ, શ્રીમતી શોભનાબેન સુનીલભાઈ શાહે જ્ઞાતિની ઉન્નતિ માટે મંતવ્યો રજૂ કર્યા હતા. શ્રી મહેન્દ્રભાઈ ચોક્સી પણ ભરુચથી પધાર્યા હતા.

ઉપપ્રમુખ શ્રી સુનિલભાઈ આર. શાહે આગામી તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૯ થી ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૯ સુધી યોજાનાર શતચંડી પ્રતિષ્ઠા મહોત્સવની વિસ્તૃત માહિતી આપી હતી. સભ્યોને તન, મન અને ધનથી સહકારની અપેક્ષા વ્યક્ત કરી હતી. તેઓએ જણાવેલ કે શતચંડી મહોત્સવની વધુ વિગતો આગામી જાન્યુઆરી – ૨૦૧૯ના વાયડામિત્ર અંકમાં તથા જાન્યુઆરી ૨૦૧૯ના વાયકનેક્ટમાં ડીજીટલ રૂપે રજૂ થશે. તેમણે શતચંડી પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન યોજાનાર પ્રાસંગિક, ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ અંગેની વ્યવસ્થાની વિગતવાર માહિતી આપી હતી. આ પ્રસંગે, શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ, ટ્રસ્ટી શ્રી, સેવા ટ્રસ્ટ અંગત કારણોસર હાજર ન રહી શક્યા.

તંત્રી શ્રી શ્રેણીકભાઈ એન. પરીખ તથા વ્યવસ્થાપક શ્રી નિશિથભાઈ એ. પરીખે વાયડામિત્રમાં જ્ઞાતિના સભ્યોની લગ્નવિષયક જાહેરખબર વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા માટે સૂચન કર્યું હતું, જે માન્ય રાખવામાં આવ્યું.

સભાની કાર્યવાહીના અંતે શ્રી સુનિલભાઈ આર શાહે સભામાં પધારેલા સર્વ સભ્યો, આમંત્રિત બહેનો તથા સભા સ્થળના આયોજન અને સર્વેના ચા–પાણી તથા





ભોજનના ખર્ચ અંગેની સ્પોન્સરશીપ માટે અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ તથા પ્રમુખ શ્રી રમેન્દ્રભાઈ પરીખનો આભાર માન્યો હતો. શ્રી વ્રજેશભાઈ એન. પરીખે સભાનું સફળ સંચાલન કર્યું હતું. પ્રમુખશ્રીએ સભાને પૂર્ણ થયેલ જાહેર કરેલ હતી અને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લઈ સહુ વિખરાયા હતા.

**– વ્રજેશ એન. પરીખ**
**માનદ્ મંત્રી**
**શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ**

વાર્ષિક સામાન્ય સભા – ૨૦૧૮ની સભામાં નીચે જણાવેલ કારોબારી સભ્યો હાજર રહેલ હતા.

| | | |
|---|---|---|
| 1) Shashank I. Shah | 2) Dhiren K. Parikh | 3) Sunil R. Shah |
| 4) Jitendra B. Shah | 5) Mehul S. Shah | 6) Anish K. Shah |
| 7) Rashmikant N. Shah | 8) Nishith A. Parikh | 9) Shrenik N. Parikh |
| 10) Himanshu G. Shah | 11) Umkant J. Parikh | 12) Harish J. Shah |
| 13) Harish N. Shah | 14) Rupesh H. Shah | 15) Rakesh A. Shah |
| 16) Vijesh N. Shah | 17) Mahendra Chokshi | 18) Piyush M. Shah |
| 19) Kiran N. Shah | 20) Harivadan V. Mehta | 21) Vrajesh N. Parikh |
| 22) Ashok R. Kinkhabwala | | |

## "તું કરે તો શું ?"

છેક છોટી ભૂલ જે મારી હતી, અપરાધ છે.
મસ્સ મોટી ભૂલ 'ગર જો તું કરે તો શું ? (૧)
દિલ–જિગરની લૂંટ 'ગર જે મેં કરી, મશહૂર થઈ !
સાવ ડબ્બા ગુલ અગર જો તું કરે તો શું ? (૨)
ધર્મરાજે 'નરઃ વા કુંજર' : કર્યું તો પાપ છે,
ભરબપોરે જંગમાં કાળું કરે તો શું ? (૩)
મેં મધુર ગીતો, ગઝલ, ભજનો તને ચરણે ધર્યા,
દોણી તેં ફોડી, બધી ગોપી પડે તો શું ? (૪)
શબ્દથી અમૃત ઝરે છે હરપળે ભીતર બધે,
તું વિરહનું ઝેર થઈ વરસ્યા કરે તો શું ? (૫)

**– ઉપેન્દ્ર શેઠ (શંકુત)**

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટના ઉપક્રમે જ્ઞાતિજનોના લાભાર્થે શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આપને જાણીને આનંદ થશે કે એજ્યુકેશન ફંડ પેટે અત્યાર સુધીમાં ૪૩ લાખ રૂપિયા એકઠા થઈ શક્યા છે.

મારા ચાર માસના અમેરિકા પ્રવાસ દરમ્યાન અનેક જ્ઞાતિજનો સાથે આ અંગે સંપર્ક થયો હતો. આ ગાળા દરમ્યાન રૂપિયા ચાર લાખ પ્રાપ્ત થયા છે. આ માટે તમામ દાતાશ્રીઓનો આભાર માનવામાં આવે છે.

આ ઉપરાંત વિદેશના વાયડામિત્રના ગ્રાહકો તરફથી વાયડામિત્ર ન મળવા અંગે તેમ જ મોડું મળવા અંગે વ્યાપક ફરિયાદો થતી હતી. અમેરિકામાં દિપોત્સવી અંક સમયસર મળે તે માટે આપણી જ્ઞાતિના રૂપેશભાઈ પ્રિયમુખભાઈ શાહનો સહકાર પ્રાપ્ત થયો છે. અમેરિકાના ગ્રાહકોના વાયડામિત્રના અંકો એક પાર્સલ દ્વારા રૂપેશભાઈના સરનામે મોકલવામાં આવ્યા હતા. તેમણે તમામ સરનામા ચેક કરી, બદલાયેલા સરનામાના કિસ્સામાં નવા સરનામા પ્રાપ્ત કરી, તમામ જ્ઞાતિજનોને અંક મોકલી આપ્યો છે. તેમણે તેમની વ્યસ્તતામાં સમય કાઢી આ ઉમદા કાર્ય જ્ઞાતિ માટે કર્યું છે, જે બદલ તેમનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

આ ઉપરાંત તેમણે વાયડામિત્રને PDF ફોર્મેટમાં પણ GCV ગ્રુપમાં Upload કરેલ છે. હવે તેઓ સિંગલ પેઈજના ફોર્મેટમાં વાયડામિત્ર ઓનલાઈન મૂકશે જેથી જ્ઞાતિજનોને વાંચવામાં સરળતા રહે. જ્ઞાતિના યુવાનો જ્ઞાતિમાં રસ લે તે ઈચ્છનીય છે અને નોંધનીય પણ છે.

પરદેશમાં વસતા તમામ જ્ઞાતિજનોએ હાલનું સરનામું તેમજ ટેલીફોન નંબર નીચેના E-mail પર મોકલી આપવા વિનંતી છે.

E-mail: vaydafamily2017@gmail.com

આપણી વેબસાઈટ www.vayvaset.inનો QR કોડ(Quick Response Code) Generate કરવામાં આવ્યો છે. આપ તેને Scan કરીને માહિતી મેળવી શકો છો. પાના નં ૩ ઉપર QR કોડ પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે.

**– સુનિલ આર. શાહ**
**ઉપપ્રમુખ**
**શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ**





## પ્રતિષ્ઠા મહોત્સવ – ઉડતી નજરે

| ક્રમ | સંવત | ઈ.સ. | વિશેષતા |
|---|---|---|---|
| ૧ | ૧૯૭૩ | ૧૯૧૭ | **શતચંડી યજ્ઞ – પ્રથમ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ**<br>ઈ.સ. ૧૯૧૭ મહા સુદ અગિયારસના દિવસે સ્વ. અંબાલાલભાઈ નાગરદાસ આબુવાળાના નેતૃત્ત્વ હેઠળ પાટણના વિદ્વાન શિલ્પશાસ્ત્રી શિવલાલ ઉગરચંદે કુળદેવી વાયડમાતા (સમીરી કામદાદેવી)ની અપ્રતિમ પ્રતિમા તૈયાર કરી મંદિરમાં પ્રતિષ્ઠા સહિત સ્થાપના કરી. |
| ૨ | ૧૯૮૬ | ૧૯૩૦ | **સહસ્ત્રચંડી યજ્ઞ – પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ**<br>નેતૃત્વ – અંબાલાલભાઈ નાગરદાસ આબુવાળા.<br>મુખ્ય યજમાન–સ્વ.રતિલાલ મંછારામ વહેમી (સુરત)<br>યજ્ઞના આચાર્ય – શ્રી ગિરજાશંકર (પેટલાદ)<br>સમારોહના કુલ દિવસ–૧૫ |
| ૩ | ૨૦૧૫ | ૧૯૫૯ | **સહસ્ત્રચંડી યજ્ઞ – પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ**<br>નેતૃત્ત્વ – સ્વ. હસમુખભાઈ માણેકલાલ કાશીપારેખ.<br>મુખ્ય યજમાન – સ્વ. સારાભાઈ છોટાલાલ કાશીપારેખ (યજ્ઞમંડપ તેમણે તે સમયે કરાવેલ)<br>યજ્ઞના આચાર્ય – શ્રી દશરથલાલ ગોવિંદલાલ ગોર<br>કુલ ખર્ચ : ૬૩,૫૦૦/–<br>યજ્ઞના દિવસ – ૫<br>સમારોહના કુલ દિવસ – ૭ |
| ૪ | ૨૦૫૦ | ૧૯૯૪ | **શતચંડી યજ્ઞ – પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ**<br>નેતૃત્ત્વ : સ્વ. ઈન્દુભાઈ ડાહ્યાભાઈ શાહ<br>મુખ્ય યજમાન : શ્રી પ્રકાશભાઈ શાંતિલાલ પરીખ (પાટણ – અમેરિકા)<br>યજ્ઞના આચાર્ય : શ્રી રમણભાઈ શાસ્ત્રી (વડોદરા)<br>કુલ ખર્ચ : આશરે ૧૨ લાખ રૂા.<br>યજ્ઞના દિવસ – ૩<br>સમારોહના કુલ દિવસ – ૫ |

**(ઈ.સ. ૨૦૧૭માં પ્રથમ પ્રાણપ્રતિષ્ઠા, મંદિર તેમ જ વાયડ માતાની પ્રતિમાને એકસો વર્ષ પૂર્ણ થયા.)**

**૫ ૨૦૭૫ ૨૦૧૯ શતચંડી યજ્ઞ - પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ**

નેતૃત્વ : શ્રી રમેન્દ્રભાઈ જેઠાલાલ પરીખ
મુખ્ય યજમાન : (ઓનલાઈન ઉછામણી દ્વારા નક્કી થશે)
યજ્ઞના આચાર્ય : શ્રી કૃષ્ણકુમાર શાસ્ત્રી (અમદાવાદ)
કુલ ખર્ચ : આશરે ૪૦ લાખ રૂપિયા (અંદાજીત)
યજ્ઞના દિવસ - ૩
સમારોહના કુલ દિવસ - ૫

**- હિમાંશુ શાહ**

**Shri Vayada Vanik Seva Trust**
**List of Donations received for Education Activity**
**From : 29-7-2018 to 22-11-2018**

| No. | Name | Amount |
|---|---|---|
| | Donation Received till 28.07.2018 | 33,87,001 |
| 1 | Shri Jatinbhai U. Shah, Pune | 1,00,000 |
| 2 | Shri Pradipbhai R. Parikh, Mumbai | 1,00,000 |
| 3 | Shri Jayeshbhai N. Parikh, Patan | 1,00,000 |
| 4 | Shri Girishbhai D. Shah, Ahmedabad | 1,00,000 |
| 5 | Shri Dipakbhai Jhaveri and Family, Ahmedabad | 33,400 |
| 6 | Shri Kiritbhai Jhaveri and Family, Ahmedabad | 33,300 |
| 7 | Shri Maheshbhai Jhaveri and Family, Ahmedabad | 33,300 |
| 8 | Shri Dhirenbhai K. Parikh, Ahmedabad | 50,000 |
| 9 | Shri Rajnibhai Shah, USA | 1,00,000 |
| 10 | Shri Jagdishbhai R. Shah, Mumbai | 50,000 |
| 11 | Shri Bandishbhai A. Rangwala, Vadodara | 1,00,000 |
| 12 | Shri Gokalbhai M.Shah, USA - USD 1500 | 1,05,891 |
| | **Total** | **42,92,892** |

નિરંજનાબહેન ઉદેશચંદ્ર શાહ પરિવાર, મુંબઈના જય શ્રી કૃષ્ણ.





## શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ

નવેમ્બર ૨૩, ૨૦૧૮ કારતક સુદ પૂનમને દિવસે વાયડ મુકામે વાયડ સંસ્થાનના પ્રમુખ અને પ્રતિષ્ઠા મહોત્સવના કન્વીનર શ્રી રમેન્દ્રભાઈ પરીખની નિશ્રામાં આશરે પચીસ જેટલા કાર્યકર્તાઓ તેમ જ જ્ઞાતિબંધુઓ પ્રતિષ્ઠા મહોત્સવ અંગે ચર્ચા-વિચારણા કરવા એકત્રિત થયા હતા.

આપ સૌ જાણો છો કે વાયડ ખાતે માતાજીના પ્રતિષ્ઠા મહોત્સવનું ૧૨-૧૩-૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમ્યાન ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવનું કાર્ય પૂરજોશમાં આગળ વધી રહ્યું છે.

સંઘ ફેબ્રુઆરી ૧૧, ૨૦૧૯ ને સોમવારે સવારે વાયડ આવશે અને ફેબ્રુઆરી ૧૫, ૨૦૧૯ને શુક્રવારે બપોરે વાયડથી વિદાય લેશે. માતાજીનો વરઘોડો ફેબ્રુઆરી ૧૪, ૨૦૧૯ને ગુરૂવારે સવારે ૯.૦૦ કલાકે નીકળશે અને તે જ દિવસે સાંજે ૫.૦૦ કલાકે હવન સંપન્ન થશે.

આ પહેલાં ઓગસ્ટ ૧૨, ૨૦૧૮ના રોજ જ્ઞાતિજનો પ્રતિષ્ઠા મહોત્સવ માટે ચર્ચા વિચારણા કરવા વાયડ ખાતે એકત્રિત થયા હતા.

વાયડ ખાતે એકત્રિત થયેલા જ્ઞાતિજનોએ તમામ મુદ્દાઓ પર વ્યાપકપણે નિખાલસ ચર્ચા-વિચારણા કરી હતી અને દરેક કાર્યનું સુક્ષ્મ આયોજન કર્યું હતું.

૧) આ ભગીરથ કાર્ય માટે કાર્યશક્તિ (Man-power) ખૂબ અગત્યનું પાસું છે. સ્વયંસેવકોની મજબૂત ટીમ આવશ્યક છે. આ અંકમાં પાના નં ૨૮ પર સ્વયંસેવક નોંધણીપત્રક પ્રસિદ્ધ કરેલ છે. આ ફોર્મ ભરીને પોતાનું નામ સ્વયંસેવક તરીકે નોંધાવવા અપીલ કરવામાં આવે છે. આપ સમયદાન આપીને આ પવિત્ર કાર્યમાં સહકાર આપશો તેવી વિનંતી છે. આપ ઓનલાઈન પણ આ ફોર્મ મોકલી શકો છો.

૨) આ અંકમાં પાના નં ૨૯,૩૦ પર એક નોંધણીપત્રક પ્રસિદ્ધ કરેલ છે. જ્ઞાતિજનોએ ફોર્મની વિગતો ભરી આપેલા સરનામે મોકલી આપવા આગ્રહભરી વિનંતી છે, જેથી કેટલી સંખ્યામાં જ્ઞાતિજનો વાયડ આવશે તેનો ખ્યાલ આવી શકે તેમજ તેઓના રહેઠાણ અને પ્રસાદની વ્યવસ્થા યોગ્ય રીતે ગોઠવી શકાય. દરેક જ્ઞાતિજનને અચૂક આમાં સહકાર આપવા વિનંતી છે.

૩) પ્રતિષ્ઠા મહોત્સવની સ્મૃતિરૂપે ૧૦ ગ્રામના ચાંદીના સિક્કા (દરેક સિક્કા દીઠ ન્યોછાવર રૂા. ૫૦૦/-) તૈયાર કરવામાં આવશે. આ સિક્કા હવનમાં પૂજા કરાવી આપવામાં આવશે.

સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ-મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

આપની જરૂરીયાત મુજબ સિક્કાની નોંધ કરાવવા વિનંતી છે. નોંધણીપત્રક ફોર્મમાં તેની વિગત ભરવાની રહેશે.

૪) પ્રસાદ માટે ટોકનની વ્યવસ્થા રાખવામાં આવી છે જેનો હેતુ માત્ર પ્રસાદનો બગાડ ન થાય તે જ છે. ટોકન રજીસ્ટ્રેશન ઓફિસથી દરેક શહેરના પ્રતિનિધિને આપવામાં આવશે. તેમની પાસેથી દરેક જ્ઞાતિજને ટોકન મેળવી લેવાના રહેશે.

૫) ગાદલાના સેટ (માત્ર ગાદલું, ઓશિકું અને રજાઈ – જેમાં ચાદરનો સમાવેશ થતો નથી) માટે ચાર દિવસનું રૂ. ૧૦૦/– ભાડું નક્કી કરવામાં આવ્યું છે. ગાદલાની જરૂરિયાત પ્રમાણે શ્રી પરાગભાઈ એસ. શાહ, પાટણ (ફોન : ૯૬૮૭૨૪૪૦૨૨) અથવા શ્રી નાનુભાઈ એન. શાહ, અમદાવાદ (ફોન : ૯૮૭૯૦૫૩૪૯૯)નો સંપર્ક કરવો.

૬) પ્રતિષ્ઠા મહોત્સવના શુભ અવસર પર લગ્નોત્સુક યુવક યુવતીઓની મુલાકાત રાખવાનો વિચાર છે. આ માટે વાલીઓએ શ્રી રશ્મિકાંતભાઈ શાહ(ફોન : ૯૯૭૪૩૬૨૭૧૭)નો સંપર્ક કરવો.

૭) પ્રતિષ્ઠા મહોત્સવના ભગીરથ કાર્ય માટે આશરે ૪૦ લાખ રૂપિયાના ખર્ચનો અંદાજ છે. તમામ જ્ઞાતિજનોને ઉદાર હાથે આર્થિક સહયોગ નોંધાવવાની અપીલ કરવામાં આવે છે. આ માટે શ્રી રમેન્દ્રભાઈ પરીખ (ફોન : ૯૮૨૪૩૧૫૫૭૦)નો સંપર્ક કરવો.

૮) રોજની આરતીની ઉછામણી તેમજ વરઘોડાની વિગતો પાના નં. ૩૭ પર પ્રસિદ્ધ કરવામાં આવી છે.

૯)હવન માટે મુખ્ય યજમાનની ઉછામણીની ઓનલાઈન પ્રક્રિયા ચાલુ છે. ઉછામણીની વિગતો વોટ્સઅપ ગ્રુપ તેમજ વેબસાઈટ પર મૂકવામાં આવશે. સંપૂર્ણ વિગતો વાયડામિત્રના જાન્યુઆરી, ૨૦૧૯ના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

૧૦)પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન ફેબ્રુઆરી ૧૩, ૨૦૧૯ બુધવારના રોજ સવારે ૮ થી ૧૧ દરમ્યાન મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આપણી જ્ઞાતિના ડીસાના ડો. સંજયભાઈ ગાંધીના નિર્દેશન હેઠળ આ કેમ્પ કાર્યાન્વિત થશે. આ કેમ્પમાં ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હિમોગ્લોબીન, ઓબેસીટી, બ્લડગ્રુપ જેવા ટેસ્ટ કરી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત લાઈફ સ્ટાઈલને લગતી માહિતી કેમ્પમાં રજૂ કરવામાં આવશે. સંઘના ત્રણ દિવસ સવારથી સાંજ ડોક્ટર સ્થળ પર રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

૧૧) ફેબ્રુઆરી ૧૩, ૨૦૧૯ને બુધવારે સવારે ૬.૩૦ થી ૭.૩૦ દરમ્યાન શ્રી પ્રીતિબહેન શશાંકભાઈ શાહના નિદર્શન હેઠળ યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.





૧૨)ફેબ્રુઆરી ૧૧, ૨૦૧૯ ને સોમવારે રાત્રે આપણી જ્ઞાતિના શ્રી ઋજુલ શાહનો ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ દિવસે જ્ઞાતિના પ્રતિભાશાળી વ્યક્તિઓને પોતાની કળા દાખવવાનો મોકો મળે એ રીતનું આયોજન કરવામાં આવ્યું છે. સ્ટેજ પર પરફોર્મન્સ આપી શકે તેવી વ્યક્તિઓએ શ્રી હિમાંશુભાઈ શાહ (ફોન : ૯૪૨૯૦૬૭૮૯૦)નો સંપર્ક કરવો.

૧૩) ફેબ્રુઆરી ૧૨, ૨૦૧૯ ને મંગળવારે રાત્રે શ્રી અશ્વિનભાઈ પાઠકના સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

૧૪) ફેબ્રુઆરી ૧૩, ૨૦૧૯ ને બુધવારે રાત્રે જાણીતા ભજનિક શ્રી સચિન લીમયેની ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે તેમ જ ભવ્યગરબાનું આયોજન પણ ગોઠવવામાં આવ્યું છે.

૧૫)પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પાટણથી વાયડ પગપાળા સંઘનું આયોજન પણ કરવામાં આવ્યું છે જેની સંપૂર્ણ વિગતો વાયડામિત્રના જાન્યુઆરી, ૨૦૧૯ના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

૧૬) જ્ઞાતિના મહિલામંડળની બહેનો પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન સેવા આપે એવો અનુરોધ કરવામાં આવે છે.

૧૭) વાયડ ગામના પ્રવેશદ્વાર પાસે સરકારી શાળા આવેલી છે. તેની વિશાળ જગ્યામાં આશરે ૨૫૦ થી ૩૦૦ વાહનોનું પાર્કીંગ સારી થઈ શકે તેમ છે. વળી શાળાને બે દરવાજા હોવાથી આવન–જાવનનો પ્રશ્ન સરળતાથી હલ થઈ શકે છે. તમામ વાહનો શાળાની વિશાળ જગ્યામાં પાર્કીંગ કરવાના રહેશે. ત્યાંથી પાંચેક જીપોની વ્યવસ્થા કરવામાં આવશે જે જ્ઞાતિબંધુઓને સામાનસહિત મંદિરે લઈ જશે. વાહનો માટે સિક્યુરીટીની વ્યવસ્થા રાખવામાં આવી છે.

૧૮) પૂજારીના રહેઠાણની પાછળના ભાગમાં સરફેસીંગ કરાવવાનો વિચાર છે, જેથી તે જગ્યાનો સારી રીતે ઉપયોગ થઈ શકે. સંસ્થાનના કેમ્પસમાં ગ્રીન કારપેટ નાંખવામાં આવશે. સમગ્ર કેમ્પસમાં મંડપ બાંધવામાં આવશે અને પ્રવેશદ્વારને સુશોભિત કરવામાં આવશે.

૧૯) જરૂર પડશે તો જ અમદાવાદ – વડોદરા – પાટણ – ભૂજ – ભરૂચની ચોકીઓ ઉપર ટેરેસમાં ટેન્ટ બાંધવામાં આવશે. અંદાજિત કેટલી સંખ્યામાં જ્ઞાતિજનો મહોત્સવમાં ભાગ લેશે તેની જાણ થયા બાદ તેનો નિર્ણય કરવામાં આવશે.

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

૨૦) યજ્ઞના આચાર્ય શ્રી કૃષ્ણકુમાર શાસ્ત્રી તેમ જ તેમની ટીમના સભ્યો(બ્રાહ્મણો)ને રહેઠાણ માટે પંચાલની ધર્મશાળાની પાછળ અલાયદી વ્યવસ્થા કરવામાં આવશે.

૨૧) સાંસ્કૃતિક કાર્યક્રમો માટે પંચાલની ધર્મશાળાની બહાર સ્ટેજ બનાવવામાં આવશે.

૨૨) સંસ્થાનમાં માહિતી કેન્દ્ર (Information Centre) બનાવવામાં આવશે. તમામ જ્ઞાતિજનોને તે સ્થળેથી સંપૂર્ણ માહિતી મળશે. તેની બાજુમાં એક કંટ્રોલ રૂમ તૈયાર કરવામાં આવશે. સંસ્થાનમાં થતી તમામ ગતિવિધિ પર નિયંત્રણ રાખી શકાશે.

૨૩) સંસ્થાનના કેમ્પસમાં CCTV કેમેરા તેમ જ LED TV ગોઠવવામાં આવશે જેથી જ્ઞાતિજનોને યજ્ઞની વિધિ તેમજ અન્ય કાર્યક્રમો નિહાળવામાં સરળતા રહે. હવન તેમજ વરઘોડાનું લાઈવ કવરેજ કરાવવાનો પણ વિચાર થઈ રહ્યો છે.

૨૪) માઈક, સાઉન્ડ સીસ્ટમ, લાઈટીંગ, પંખા, ખુરશીઓ વગેરેની વ્યવસ્થા અંગે વ્યાપક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત જનરેટરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. પાણીની સુવિધા માટે નવો બોર બનાવવામાં આવી રહયો છે તેમ જ રસોડામાં લાદી વાળા પથ્થર નાખવામાં અવી રહયા છે.

૨૫) તમામ ચોકીઓનું બહારથી કલરકામ કરાવી સુશોભિત કરવાનો પ્લાન છે.

વાયડ ગામના સરપંચ શ્રી વિષ્ણુભાઈ તેમજ અગ્રણી ગ્રામવાસીઓએ મહોત્સવ દરમ્યાન સંપૂર્ણ સહકાર આપવા ઉત્સાહ દર્શાવ્યો છે. આ અંગે સરપંચ સાથે વિસ્તૃત ચર્ચા થઈ હતી. પરદેશમાં વસતા જ્ઞાતિબંધુઓ મહોત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ શકે તે પ્રમાણે ભારત પ્રવાસનું આયોજન કરવા વિનંતી છે.

સમીરી કામદાદેવીના આશીર્વાદ અને જ્ઞાતિજનોના સાથ સહકારથી આ ભગીરથ કાર્ય સફળતાપૂર્વક સંપન્ન થશે તેવી આશા છે.

– હિમાંશુ શાહ

---

## પેનલ જાહેર ખબરનાં બીલ અંગે

વર્ષ ૨૦૧૮–૨૦૧૯નાં પેનલ જાXખ નાં બીલ મોકલી આપેલ છે. અગાઉનાં વર્ષની બાકી રકમ અંગે અલગથી જાણ કરેલ છે. સત્વરે પૂરી રકમનો ચેક શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટનો મોકલી આપવા વિનંતી છે. બીલની રકમ NEFT / ઓનલાઈન ટ્રાન્સફરથી પણ ભરી શકાય છે. વધુ વિગત માટે વા.મિ.નાં ત્રીજા પાનાની નોંધ જોઈ લેશો. મળેલ રકમની પાવતી દરેકને મોકલી આપવામાં આવે છે જ્ઞાતિમિત્રોને વિનંતી કે આપે મોકલેલ રકમની પાવતી મળેલ ન હોય તો વા.મિ.માં મળેલ રકમની યાદીમાં ચેક કરી લેવું કોઈ ક્ષતિ જણાય તો મો.: ૯૪૨૮૪૬૧૮૨૨ ઉપર વોટ્સઅપથી સંપર્ક કરી શકાશે.

– વ્યવસ્થાપક

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.



જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

# શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ

# વાયડ–૨૦૧૯

## સ્વયંસેવક નોંધણી પત્રક

પૂરું નામ : ______________________________

સરનામું : ______________________________

______________________________

______________________________

______________________________

મૂળ વતન : ______________________________

મોબાઈલ નં. : ____________________ ઉંમર : __________

વ્યવસાય : ______________________________

કેટલા દિવસ સેવા આપી શકશો ? ____________________

પ્રતિષ્ઠા પહેલા : __________ દિવસ    પ્રતિષ્ઠા વખતે : __________ દિવસ

આ ફોર્મ ભરીને નીચેના સરનામે ત્વરિત મોકલી આપવા વિનંતી છે.

**કિંજન કે. શાહ**
જે–૪૦૨, સેક્ટર – ૫, સનસીટી,
એસ.પી.રીંગ રોડ પાછળ,
બોપલ – ૩૮૦૦૫૮, અમદાવાદ
મોબાઈલ નં.: ૮૪૦૧૦૬૮૫૬૭, E-mail : kinjan@vmobee.com

જો આપને ઉપરોક્ત વિગતો ઓનલાઈન મોકલવી હોય તો આપ આ https://goo.gl/ruVBBH લીન્ક દ્વારા પણ મોકલી શકો છો.

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વિદ્યાબહેન જમનાદાસ પારેખ (પાટણ) પરિવારનાં જય શ્રી કૃષ્ણ.

ઓફિસ માટે કોડ નં. :

ફોર્મ નં.

## શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ
## વાયડ ૨૦૧૯

### નોંધણી પત્રક

પૂરું નામ :

સરનામું :

મૂળ વતન :

ફોન / મોબાઈલ નં. :

ઈ–મેઈલ એડ્રેસ :

| તિથિ મહાસુદ | તારીખ | વાર | વાયડ ખાતે હાજર રહેનાર વ્યક્તિઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | | | સવારે | સાંજે |
| ૬ | ૧૧–૨–૧૯ | સોમ | | |
| ૭ | ૧૨–૨–૧૯ | મંગળ | | |
| ૮ | ૧૩–૨–૧૯ | બુધ | | |
| ૯ | ૧૪–૨–૧૯ | ગુરૂ | | |
| ૧૦ | ૧૫–૨–૧૯ | શુક્ર | | -------- |

ચાંદીના સિક્કા નંગ (૧૦ ગ્રામ વજન): ........................................

[ન્યોછાવર રૂા. ૫૦૦ પ્રતિ સિક્કા દીઠ]

સ્વ. જશરાજ ભીમજી શાહ (ભૂજ–માંડવી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.



આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

આ ફોર્મ ભરીને નીચેના સરનામે તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે. ફોર્મ વોટ્સઅપ અથવા ઈ–મેઈલથી પણ મોકલી શકાશે.

**કિંજન કિરીટભાઈ શાહ**
જે–૪૦૨, સેક્ટર–૫, સનસીટી
એસ.પી.રીંગ રોડ પાછળ,
બોપલ, અમદાવાદ – ૩૮૦૦૫૮.
મો. : ૮૪૦૧૦ ૬૮૫૬૭
E-mail : kinjan@vmobee.com

જો આપને ઉપરોક્ત વિગતો ઓનલાઈન મોકલવી હોય તો આપ આ https://goo.gl/forms/GL4J0fQLjuephhID2 લીન્ક દ્વારા પણ મોકલી શકો છો.

સૂચના :

૧) આ ફોર્મની ફોટોકોપી કરાવી સંપૂર્ણ વિગતો સાથે મોકલી આપવી.

૨) મહોત્સવ દરમ્યાન રહેઠાણ અને ભોજનની વ્યવસ્થા સારી રીતે થઇ શકે તે માટે આ ફોર્મ ભરીને મોકલવું આવશ્યક છે.

૩) ચાંદીના સિક્કાની આપની જરૂરિયાત ખાસ લખવી.

૪) ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૩૧–૧–૨૦૧૯.



મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ – મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

## શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ

**જ્ઞાતિજનોને ઉદાર હાથે આર્થિક સહયોગ નોંધાવવા અપીલ**

આપ સૌ જાણો છે કે વાયડ ખાતે માતાજીના પ્રતિષ્ઠા મહોત્સવનું ૧૨-૧૩-૧૪ ફેબ્રુઆરી – ૨૦૧૯ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં તમામ જ્ઞાતિજનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે. મહોત્સવનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે.

આ કાર્ય માટે આશરે ૪૦ લાખ રૂપિયાના ખર્ચનો અંદાજ છે. જેમાં પ્રતિષ્ઠા મહોત્સવના ૩૦ લાખ રૂપિયા તેમજ રસોડા ખર્ચના આશરે ૧૦ લાખ રૂપિયાનો સમાવેશ થાય છે. જ્ઞાતિજનોને માતાજીના પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉદાર હાથે ફાળો નોંધાવવાની અપીલ કરવામાં આવે છે.

આપ આપનો ફાળો ઓનલાઈન પણ નોંધાવી શકો છો. આપ બેન્કના એકાઉન્ટમાં રકમ જમા કરાવી શકો છો. ચેક અથવા ડ્રાફ્ટ "વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા"ના નામનો લખવો.

બેન્કની વિગતો આ પ્રમાણે છે.

બેંકનું નામ અને શાખા : સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા, મીઠાખળી બ્રાન્ચ, અમદાવાદ

બેંક એકાઉન્ટ નંબર : 1034865811

IFSC Code : CBINO280553

MICR : 380016020

જ્ઞાતિજનો તરફથી ફાળો મળે એવી અપેક્ષા છે. દેશ પરદેશમાં રહેતા તમામ જ્ઞાતિજનો આ પવિત્ર કાર્યમાં આર્થિક સહયોગ આપે તે ઈચ્છનીય છે.

તમામ જ્ઞાતિજનોને રૂબરૂ મળવું મુશ્કેલ હોવાથી 'વાયડામિત્ર' દ્વારા અપીલ કરવામાં આવે છે. વધુ વિગતો માટે શ્રી રમેન્દ્રભાઈ પરીખ(મો. ૯૮૨૪૩૧૫૫૭૦)નો સંપર્ક કરવો.

**– રમેન્દ્ર જે. પરીખ, પ્રમુખ**
**વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા**

**શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ**
**આવેલ અનુદાન**
**રૂા. ૧,૨૫,૦૦૦/- શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ**





## શ્રી સમીરી વણીક સમાજ ઉત્કર્ષ મંડળ
## શ્રી સમીરી વણિક સમાજ મહિલા મંડળ, અમદાવાદ.

**સ્નેહ મિલન કાર્યક્રમ અહેવાલ**

**વિ. સં. ૨૦૭૫, ૧૮-૧૧-૨૦૧૮ (શ્રીફળ રેસ્ટોરન્ટ)**

કાર્યક્રમનું સંચાલન શ્રી કલ્પેશભાઈ પરીખ (પ્રિન્સીપાલ, સી. યુ. શાહ સાયન્સ કોલેજ) દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે સૌ આમંત્રિત સભ્યોને "જય શ્રી કૃષ્ણ" કહીને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

છ વાગ્યા સુધીમાં આવેલ તમામ સભ્યોને વેલકમ ડ્રીંક, લકી ડ્રોની કુપન અને ચોકલેટ આપવામાં આવી હતી. બંને મંડળના પ્રમુખ શ્રી શૈલેષભાઈ પી. શાહ તથા શ્રીમતી લજ્જાબેન શાહ યુ.એસ.એ. ગયા હોવાથી હાજર રહી શક્યા ન હતા. પરંતુ તેમણે સમગ્ર કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી તથા કાર્યક્રમના આયોજનનો યશ મંડળની કારોબારી સભ્યોને આપ્યો હતો.

મંચ ઉપર શ્રી શરદભાઈ જે. પરીખ, શ્રી પરિમલભાઈ પરીખ, શ્રીમતી મીતાબહેન રાકેશભાઈ પરીખ, શ્રીમતી સ્મૃતિબહેન આર. શાહ તથા શ્રી કલ્પેશભાઈ પરીખ ઉપસ્થિત હતા. શ્રીમતી મીતાબહેન રાકેશભાઈ પરીખ, સેક્રેટરી, શ્રી સમીરી વણિક મહિલા મંડળે ઉપસ્થિત સભ્યોને મંડળ તરફથી વર્ષ દરમ્યાન કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી તથા સર્વે કાર્યક્રમોમાં કારોબારી સમિતિ સભ્યોએ આપેલી સેવાઓને બિરદાવી હતી.

ત્યારબાદ શ્રી પરિમલભાઈ પરીખ, ઉપપ્રમુખ, શ્રી સમીરી વણિક સમાજ ઉત્કર્ષ મંડળે સહુ સભ્યોનું સ્વાગત કર્યું હતું અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. મંડળ દ્વારા કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ચોપડા વિતરણ, વાયડ પ્રવાસ, અધિક માસમાં પાટણ – સિધ્ધપુર – ખેરાલુ પ્રવાસ, ૭૫ વર્ષથી વધુની વયનાં વડીલોના સન્માન સમારંભ (અમૃત મહોત્સવ – ૨૦૧૮) અંગે માહિતી આપી હતી. ચાલુ વર્ષે શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવનાં આયોજન પ્રસંગે વાયડ માટે બસ સુવિધાના આયોજન અંગે વિચારણા થઈ રહી છે. તેમ પણ તેમણે જણાવ્યું હતું.

કાર્યક્રમના દાતા શ્રી શરદભાઈ પરીખનું સ્મૃતિબેન દ્વારા બુકે દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સ્મૃતિબહેને આભારવિધી કરી હતી. આ કાર્યક્રમની વિશિષ્ટતા એ હતી કે ચિ. નીષ્કા શાહના નૃત્ય દ્વારા કાર્યક્રમની શરૂઆત થઈ હતી તથા સભ્યો દ્વારા સંગીત પીરસવામાં આવ્યું હતું. જેમાં શ્રી શ્રેણીક પરીખ, ગૌરાંગભાઈ, મીતાબેન, બિન્દુબહેન, શૈલેષભાઈ, રાજેશભાઈ, તપનભાઈ, ચિ. વિસ્મય તથા ચિ. ઝીલ અને ડો. શિલ્પાબહેને તેમના ગીતો દ્વારા કાર્યક્રમને સુંદર બનાવ્યો હતો. સંગીત રૂજુલભાઈની ટીમ દ્વારા પીરસવામાં આવ્યું હતું.

સંગીત સંધ્યાનું સંચાલન શ્રી મુષારભાઈ શેખ દ્વારા કરવામાં આવ્યું હતું. જેઓ ૧૯૯૦ થી શ્રી બંકીમ પાઠક, ડો. કમલેશ આવસત્થી, મુષાર શાહ, લાખીયા બ્રધર્સ વગેરેનાં

કાર્યક્રમોનું સંચાલન કરે છે તથા બોલીવુડનાં સીંગરો સાથે રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણી બધી ફિલ્મોનાં ગીતો પણ ગાયા છે.

કાર્યક્રમના અંતે સભ્યો માટે અંતાક્ષરી કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.

મંડળને નીચેનાં સભ્યો તરફથી ડોનેશન મળ્યું છે જેનાં માટે મંડળ તેમનો આભાર માને છે.

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી પ્રીતીબહેન બીમલકુમાર અગ્રવાલ | રૂા. ૫,૦૦૧/- |
| ૨. | એક જ્ઞાતિજન તરફથી | રૂા. ૫,૦૦૦/- |
| ૩. | એક જ્ઞાતિજન તરફથી | રૂા. ૧,૫૦૦/- |
| ૪. | શ્રીમતી દેવીબહેન મનુભાઈ તરફથી | રૂા. ૧,૧૧૧/- |
| ૫. | લતાબહેન લક્ષ્મીકાંતભાઈ પરીખ | રૂા. ૧,૦૦૦/- |

કાર્યક્રમના અંતે સૌ સુંદર ભોજનનો આસ્વાદ માણી છૂટા પડયા હતા.

**- શરદ પરીખ, મંત્રી**

## શ્રી મુંબઈ કચ્છી વાયડા સમાજ
## સ્નેહસંમેલન - સંવત ૨૦૭૫

તા. ૧૮-૧૧-૨૦૧૮ રવિવારના રોજ મુંબઈમાં મુલુંડની સારસ્વત વાડી ખાતે નવા વર્ષને વધાવવા સ્નેહ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્ઞાતિજનોએ ઉત્સાહભેર મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ વર્ષે કાર્યક્રમ અડધા દિવસનો રાખવામાં આવેલ હતો.

બપોરે ૪-૦૦ વાગ્યાથી ફનફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જ્ઞાતિજનોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ વખતે ફનફેરમાં વિવિધ ગેમ્સના સ્ટોલ રાખવામાં આવેલ હતા. જ્યાં લોકોએ ખૂબ મજા માણી તથા ૧૫ વર્ષ નીચેના બાળકોએ સ્ટોલ રાખ્યા હતા જેમાં તેઓએ જાતે બનાવેલી વસ્તુઓ વેચાણ અર્થે રાખી પોતાનું કૌશલ બતાવ્યું. બધા જ્ઞાતિજનોએ વિવિધ આકર્ષક વસ્તુઓ ખરીદી હતી અને બાળકોનું પ્રોત્સાહન વધાર્યું હતું.

દર વર્ષની જેમ આ વર્ષે પણ લોટરી ડ્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સહુએ ગરબા રમતા રમતા ભાગ લીધો હતો.

આખા કાર્યક્રમનું સંચાલન શ્રી અનીશભાઈ શાહ એ ખૂબ જ સુંદર રીતે કર્યું હતું.

કાર્યક્રમ પૂરો થયા બાદ રાત્રિ ભોજન કરીને બધા છૂટા પડયા હતા.

કાર્યક્રમના ફોટા નિહાળો અને લાઈક કરો ફેસબુક ઉપર

https://www.facebook.com/media/set/?set=a.746171675751007&type=1&l=870d875122

**- શ્રી મુંબઈ કચ્છી વાયડા સમાજ કમિટિ**

શેઠશ્રી જમનાદાસ ભીમજી પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.



અ.સૌ. સ્વ. સ્મિતા બંકિમ શાહ (અમદાવાદ) ના જય શ્રી કૃષ્ણ.

## શ્રી સમિરી વણિક સમાજ મહિલા મંડળ, અમદાવાદ.

શ્રી સમિરી વણિક સમાજ મહિલા મંડળ તરફથી તા. ૨૧-૧૦-૧૮ ના રોજ રવિવારે બાલાજી રેસ્ટોરન્ટ, જોધપુર મુકામે નવરાત્રિ ગરબાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૭૨ સભ્ય બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શ્રી મીતાબેન પરીખ તથા શ્રી સ્મૃતિબહેન શાહ તરફથી સૌનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું. ગત વર્ષના હિસાબનો અહેવાલ પણ રજૂ કરવામાં આવ્યો હતો.

માતાજીના ગરબાથી કાર્યક્રમની શરૂઆત કરી અને સ્પીકર પર ગરબાની રમઝટ શરૂ થઈ હતી. ત્યારબાદ પાર્ટી પ્લોટમાં સૌ તાનમાં આવી ગરબે ઝૂમ્યા હતા.

નવરાત્રિ એટલે શક્તિ, ભક્તિ અને આરાધનાનું પર્વ. ગરબે રમતા બહેનોના સુંદર રંગબેરંગી ચણીયાચોળીઓ જાણે મેઘધનુષ્યના સપ્તરંગી રંગો આકાશમાંથી ધરતી પર ઉતરી આવ્યા હોય એમ શોભતા હતા. ગરબાની રમઝટ, ઈનામની વહેંચણી તથા તોફાન-મસ્તી સાથે સૌએ કાર્યક્રમને મનભરીને માણ્યો.

મંડળના પ્રમુખ શ્રી લજ્જાબેન શાહ જેઓ U.S. માં હોવાથી Video Call દ્વારા તેમની હાજરી તથા લાગણી દર્શાવી.

શ્રી ઉષાબહેન સનતભાઈ પરીખ તરફથી હાજર સભ્ય બહેનોને લ્હાણી આપવામાં આવી. શ્રી પલ્લવીબહેન ચીનુભાઈ શાહ તરફથી મંડળને રૂા. ૫૦૦૦/- નો ચેક તથા શ્રી કોકિલાબહેન વ્યોમેશભાઈ શાહ તરફથી રૂા. ૧,૦૦૦/- રોકડા પ્રાપ્ત થયા જેનો મંડળે આભાર સાથે સહર્ષ સ્વીકાર કર્યો.

કમિટી બહેનોના સાથ-સહકાર તથા સૌની હાજરીથી કાર્યક્રમ દીપી ઉઠયો હતો. સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ માણી સૌ જય શ્રી કૃષ્ણ કહી છૂટા પડ્યા હતા.

| | |
|---|---|
| **સેક્રટરી** | **પ્રમુખ** |
| **શ્રી મીતાબહેન પરીખ** | **શ્રી લજ્જાબહેન શાહ** |

ગં. સ્વ. જયાબહેન વિશનજી એડનવાળા (લંડન)ના જય શ્રી કૃષ્ણ.

## વાયુદેવતા મંદિર, અમદાવાદ
## નવરાત્રી મહોત્સવ - આરતી - ફૂલહાર - પ્રસાદ

| નં. | નામ | તિથિ | વાર | તારીખ | રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | રમેન્દ્રભાઈ જે. પરીખ | એકમ | બુધવાર | ૧૦-૧૦-૧૮ | ૧૭૦૦-૦૦ |
| ૨ | ઉમાકાન્તભાઈ જે. પરીખ | ત્રીજ | ગુરુવાર | ૧૧-૧૦-૧૮ | ૧૭૦૦-૦૦ |
| ૩ | ચંદ્રેશભાઈ વી. પરીખ | ચોથ | શુક્રવાર | ૧૨-૧૦-૧૮ | ૧૪૦૦-૦૦ |
| ૪ | નાનુભાઈ એન. શાહ | પાંચમ | શનિવાર | ૧૩-૧૦-૧૮ | ૧૨૦૦-૦૦ |
| ૫ | મેહુલભાઈ એસ. શાહ | છઠ્ઠ | રવિવાર | ૧૪-૧૦-૧૮ | ૧૨૦૦-૦૦ |
| ૬ | ચંદ્રેશભાઈ વી. પરીખ | છઠ્ઠ | સોમવાર | ૧૫-૧૦-૧૮ | ૧૨૦૦-૦૦ |
| ૭ | હરીશભાઈ એન. શાહ | સાતમ | મંગળવાર | ૧૬-૧૦-૧૮ | ૨૪૦૦-૦૦ |
| ૮ | ભરતભાઈ સી. પરીખ | આઠમ | બુધવાર | ૧૭-૧૦-૧૮ | ૩૨૦૦-૦૦ |
| ૯ | સૌરભભાઈ જી. શાહ | નોમ | ગુરુવાર | ૧૮-૧૦-૧૮ | ૨૨૦૦-૦૦ |
| ૧૦ | રાજેશભાઈ જે. શાહ | દસમ | શુક્રવાર | ૧૯-૧૦-૧૮ | ૧૩૦૦-૦૦ |
| ૧૧ | પીયુષભાઈ એમ. શાહ | અગિયારસ | શનિવાર | ૨૦-૧૦-૧૮ | ૧૭૦૦-૦૦ |
| ૧૨ | રાજેશભાઈ જે. શાહ | બારસ | રવિવાર | ૨૧-૧૦-૧૮ | ૧૩૦૦-૦૦ |
| ૧૩ | હેમલભાઈ વી. શાહ | તેરસ | સોમવાર | ૨૨-૧૦-૧૮ | ૨૨૦૦-૦૦ |
| ૧૪ | રમેન્દ્રભાઈ જે. પરીખ | ચૌદસ | મંગળવાર | ૨૩-૧૦-૧૮ | ૧૨૦૦-૦૦ |
| ૧૫ | ઉમાકાન્તભાઈ જે. પરીખ | પૂનમ | બુધવાર | ૨૪-૧૦-૧૮ | ૧૨૦૦-૦૦ |
| | | | | કુલ રૂા. | ૨૫૧૦૦-૦૦ |

### વાયુદેવતા મંદિર (અમદાવાદ) – ભેટ

રૂા. ૬૫૦૦-૦૦ કલરકામ માટે સુહાસભાઈ એચ. શાહ તરફથી

રૂા. ૧૫૦૦-૦૦ મંદાકિનીબહેન અનિલભાઈ પરીખ તરફથી ઘી માટે

રૂા. ૫૦૦-૦૦ રેણુકાબહેન રસિકભાઈ શાહ તરફથી ઘી માટે

– નાનુભાઈ એન. શાહ

‘દૃષ્ટિ આઈ ક્લિનિક’ – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.





## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક મહિલા મંડળ

### નવરાત્રિનો અહેવાલ

આસો માસ એટલે પર્વનો માસ. માતાજીની ભક્તિ–સ્તુતિ–વંદના અને ગરબા એટલે નવરાત્રિ. ઠેર ઠેર નવરાત્રિમાં ગરબા ગવાય. દર વર્ષની જેમ આ વર્ષે મંડળે અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨–૧૦–૧૮ના રોજ વાયુદેવતા હોલમાં આયોજન કર્યું હતું.

હોલમાં કારોબારી બહેનો દ્વારા ફૂલોની મોટી રંગોળી કરવામાં આવી હતી. રંગબેરંગી બાંધણી–સાડી અને ચણીયાચોળીમાં સજ્જ બહેનો હાજર હતી. માતાજીની આરતી કરી પ્રસાદ લીધા બાદ બધી બહેનો વર્તુળમાં ગોઠવાઈ ગઈ જાણે રંગોનું મેઘધનુષ જોઈ લો. લીનાબહેને વર્ષોથી ગવાતાં વાયડ માંના ગરબાથી શરૂઆત કરી. ત્યાર પછી શોભનાબહેને અને નીનાબહેને ગરબા ગવડાવવાનો દોર સંભાળી લીધો. માતાજીના સુંદર જાણીતા પ્રાચીન–અર્વાચીન ગરબા–રાસ, બે તાળી – ત્રણ તાળી અને ગરબાના શબ્દોને અનુરૂપ એક્શનથી ગરબા ગાઈ વાતાવરણને ઉલ્લાસમય બનાવી દીધું. હાજર બધા ભાઈ બહેનોએ જોરદાર તાળીઓથી સૌ બહેનોને નવાજી લીધી. બધાનો સૂર એક જ હતો કે પાર્ટી પ્લોટમાં ગવાતા ગરબા ભલે જામે પણ ખરી મજા તો શેરી ગરબાની જ.

બહેનોના ઉત્સાહ વધારવા ઈનામો રાખવામાં આવ્યા હતા. શ્રીમતી ગીતાબહેન રમેન્દ્રભાઈ પરીખ તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા. ત્રણ ઈનામો (૧) સિદ્ધિબહેન (૨) નિરાલીબહેન અને (૩) રંજનબહેનને આપવામાં આવ્યા હતા. નોન સ્ટોપ સુંદર ગરબા ગવડાવવા બદલ નીતાબહેન અને શોભનાબહેનને પણ ઈનામો આપવામાં આવ્યા હતા તેમ જ સરલાબેન અને તેમની પૌત્રી પુષ્ટિને આપવામાં આવ્યા હતા. જ્યોતિબહેન ભરતભાઈ તરફથી બધી બહેનોને આકર્ષક મેલામાઈન બાઉલ અને ત્રણ ડબાના સેટની લ્હાણી કરવામાં આવી હતી.

મંડળના પ્રમુખ જયશ્રીબહેને અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિનો સહકાર આપવા બદલ તેમ જ સુંદર નાસ્તો કરાવવા બદલ, ગીતાબહેન પરીખનો ઈનામો આપવા બદલ તેમજ જ્યોતીબહેનનો લ્હાણી કરવા બદલ ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

અંતે સહુ ચા–નાસ્તો કરી જય શ્રી કૃષ્ણ કહી વિખરાયા હતા.

**લીનાબહેન નટવરલાલ શાહ**
મંત્રી

**જયશ્રીબહેન જગદીશભાઈ શાહ**
પ્રમુખ

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

ગં સ્વ. સરસ્વતીબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

## વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા

### સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ (૨૦૧૯)

સંઘ ૧૧–૨–૧૯ સોમવારે સવારે વાયડ આવશે અને તા. ૧૫–૨–૧૯ના બપોરે વાયડ થી પરત જશે. ઉછામણી નીચે મુજબ બોલાશે.

(૧) તા. ૧૧–૨–૧૯ સોમવાર રાત્રે પ્રસાદ સમયે
તા. ૧૧–૨–૧૯ની રાત્રિની તેમ જ ૧૨–૨–૧૯ સવારની આરતી

(૨) તા. ૧૨–૨–૧૯ મંગળવારે રાત્રે પ્રસાદ સમયે
તા. ૧૨–૨–૧૯ની રાત્રિની તેમ જ ૧૩–૨–૧૯ સવારની આરતી

(૩) તા. ૧૩–૨–૧૯ બુધવાર સાંજના ૫–૦૦ કલાકે યજ્ઞ મંડપ પાસે
તા. ૧૩–૨–૧૯ બુધવારની રાત્રિની આરતી,
તા. ૧૪–૨–૧૯ની ગુરુવારે સવારની આરતી તેમ જ
દવજાદંડ ચઢાવવાની અને વરઘોડાની ઉછામણી બોલાશે.

(૪) તા. ૧૪–૨–૧૯ ગુરુવારે હવન સમયે (૫–૦૦ વાગે) મહાઆરતી અને ૧૫–૨–૧૯ની સવારની વિદાય આરતીની ઉછામણી થશે.

(૫) વરઘોડો તા. ૧૪–૨–૧૯ને સવારે ૯–૦૦ વાગે ચડશે.

વરઘોડાની બાકીની નાની વસ્તુઓની ઉછામણી નક્કી કરેલી રકમથી આપવામાં આવશે જેની વિગતો વાયડામિત્રના જાન્યુઆરી, ૨૦૧૯ના અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. જે જ્ઞાતિજનોને ઉછામણીમાં રસ હોય તેમણે વાયડ ખાતે વાયડ સંસ્થાનની ઓફિસમાં નોંધાવવા વિનંતી છે.

– રમેન્દ્ર જે. પરીખ, પ્રમુખ

### વિશા વાયડા વણિક મંડળ, વડોદરા

જ્ઞાતિને શ્રીમતી મુદ્રાબેન યોગેનભાઈ શાહ (Mudraben) તરફથી તેઓના સ્વ. માતૃશ્રી સુશીલાબેન લલીતચંદ્ર ગાંધીના સ્મરણાર્થે, રૂા. ૨૫,૦૦૦/– નું ચેક દ્વારા ડોનેશન મળેલ છે. સદર રકમના વ્યાજની આવકમાંથી જ્ઞાતિના ધો. ૧ થી ૭ માં ભણતા વિદ્યાર્થીઓને વાર્ષિક પુરસ્કાર આપવા માટે ઉપયોગ કરવાનો છે.

સૌ જ્ઞાતિજનો વતી મુદ્રાબેનનો ખૂબ ખૂબ આભાર.

લિ. વિશા વાયડા વણિક જ્ઞાતિ, વડોદરા.

સ્વ. ભગવાનદાસ નારણદાસ શાહ (મુંબઈ) પરિવારના જય શ્રી કૃષ્ણ.



સ્વ. મંજુલાબહેન રમેશચંદ્ર શાહ (કડીવાળા) પરીવારના જય શ્રી કૃષ્ણ

### પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન પાટણમાં રહેઠાણની વ્યવસ્થા

જે જ્ઞાતિજનોને રહેવા માટે સારી વ્યવસ્થાની જરુરિયાત હોય તેમણે (સ્વખર્ચે) નીચે પ્રમાણે જણાવેલ હોટલમાં સંપર્ક કરવો. જો કોઈ મુશ્કેલી જણાય તો પાટણમાં અજયભાઈ પરીખ (મો. ૯૮૨૪૬ ૬૭૩૨૩)નો સંપર્ક કરી શકાય છે

૧. **હોટલ એપલ રેસીડેન્સી**–ફર્સ્ટ ફ્લોર, પંચવટી કોમ્પલેક્ષ, રેલવે ઓવરબ્રીજ પાસે, પાટણ – ૩૮૪ ૨૬૫. ફોન નં: ૦૮૧૫૩૯ ૮૮૮૫૧

૨. **હોટલ માર્વેલ ઈન**–૨૦, પાયલ પાર્ક રોડ, કૃષ્ણનગર સોસાયટી, પાટણ – ૩૮૪૨૬૫. ફોન નં.: ૦૨૭૬૬ ૨૨૪૪૪૦

૩. **હોટલ નવજીવન** – ૪૬, જી.આઈ.ડી.સી ચાર રસ્તા, પાટણ – ૩૮૪૨૬૫ ફોન નં.: ૦૨૭૬૬ ૨૩૧૦૩૫

૪. **હોટલ તુલસી** – નવી ડીસ્ટ્રક્ટ કોર્ટ પાસે, સિદ્ધપુર ચાર રસ્તા, પાટણ – ૩૮૪૨૬૫. ફોન નં: ૦૯૫૩૭૩ ૪૧૮૧૧

૫. **હોટલ ગાર્ડન** : જી.ઈ.બી સબ સ્ટેશન સામે, ચાણસ્મા હાઈ વે, પાટણ – ૩૮૪૨૬૫. ફોન નં. ૦૯૯૨૫૫ ૫૨૫૮૯

### શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ
### કેળવણી ટ્રસ્ટ મળેલ ભેટ

રૂા. ૧૦,૦૦૦/– સ્વ. વિનોદબાળા(મધુબહેન) એન. શાહ (સ્વ. નટવરલાલ પુરુષોત્તમદાસ શાહ, મૂળ – કડી)ના દિકરીના સ્મરણાર્થે શ્રી નરેન્દ્રભાઈ આર. શાહ તરફથી ભેટ મળેલ છે.

કેળવણી ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

| | |
|---|---|
| **હેમલભાઈ વી. શાહ** | **સુહાસભાઈ એચ. શાહ** |
| **મંત્રી** | **પ્રમુખ** |
| **હિમાંશુભાઈ જી. શાહ** | **ઉમાકાન્તભાઈ જે. પરીખ** |
| **સહમંત્રી** | **ઉપ–પ્રમુખ** |

પ્રવીણાબહેન દીપકભાઈ દલાલ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ ના જય શ્રી કૃષ્ણ.

'આરતી મેટરનીટી હોસ્પિટલ' ડૉ. સંજય ગાંધી (ડીસા)ના જય શ્રી કૃષ્ણ.

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર-સંપાદક :** દીપક મહેન્દ્રભાઈ શાહ, ૭, અશ્વમેઘ સોસાયટી, બેંક ઓફ મહારાષ્ટ્રની પાછળની લાઈન, દીરજ સન્સની સામે, કસક સર્કલ પાસે, ભરૂચ-૩૯૨૦૦૧.

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનુ સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા, શ્રધ્ધાંજલિ, જા.ખ તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

## અવસાન

**ડભોઈ:** વિમળાબેન કૃષ્ણકાંત શાહ, ઉ.વ.: ૮૭ વર્ષ, તા. ૮-૧૦-૧૮.

**અમદાવાદ:** સુશીલાબેન લલિતચંદ્ર હીરાલાલ ગાંધી, ઉ.વ.: ૮૭ વર્ષ, તા. ૨૫-૯-૧૮.

**ગાંધીધામ:** હસમુખભાઈ નાનાલાલ શાહ (મુંબઈમાં અવસાન થયેલ છે), તા. ૧૮-૧૦-૧૮.

તા. ૩૦-૯-૨૦૧૮ થી તા. ૩૦-૧૧-૨૦૧૮ સુધી મળેલ રકમની યાદી

| નં. | રકમ રૂા. | નામ | ગામ | વિગત |
|---|---|---|---|---|
| ૮૪૫ | ૨૦૦૦ | ટેકફ્લો એન્ટરપ્રાઈઝ પ્રા. લિ. | અ'વાદ | દિ. જાXખ |
| ૮૪૬ | ૬૦૦ | શ્રી બંકિમભાઈ સી. શાહ | અ'વાદ | પેનલ જાXખ |
| ૮૪૭ | ૬૦૦ | શ્રી બંકિમભાઈ સી. શાહ | અ'વાદ | પેનલ જાXખ |
| ૮૪૮ | ૬૦૦ | પ્રવીણાબેન મહેશભાઈ શાહ | અ'વાદ | પેનલ જાXખ |
| ૮૪૯ | ૧૨૦૦ | ઉષાબેન | અ'વાદ | પેનલ જાXખ |
| ૮૫૦ | ૧૮૦૦ | શ્રી પ્રવીણભાઈ શાહ | અ'વાદ | પેનલ જાXખ |
| ૮૫૧ | ૩૦૦ | શ્રી મહેશભાઈ પરીખ | અ'વાદ | દિ જાXખ |
| ૮૫૨ | ૧૦૦ | શ્રી નીલેશભાઈ શાહ | અ'વાદ | જાXખ |
| ૮૫૩ | ૫૦૦ | શ્રી સુરેશભાઈ કે. શાહ | મુંબઈ | દિ. જાXખ |
| ૮૫૪ | ૬૦૦ | શ્રી સુરેશભાઈ કે. શાહ | મુંબઈ | પેનલ જાXખ |
| ૮૫૫ | ૧૫૦૦ | નયનાબેન જી. ઝવેરી | પોંડિચેરી | દિ જાXખ |

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.



સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

| | | | | |
|---|---|---|---|---|
| ૮૫૬ | ૧૦૦૦ | શ્રી શ્રેણિકભાઈ પરીખ | અ'વાદ | દિ જાXખ |
| ૮૫૭ | ૧૦૦૦ | શ્રી શ્રેણિકભાઈ પરીખ | અ'વાદ | દિ જાXખ |
| ૮૫૮ | ૧૦૦૦ | શ્રી અનિશભાઈ શ્રેયસભાઈ પરીખ | અ'વાદ | દિ જાXખ |
| ૮૫૯ | ૫૦૦ | નયનાબેન જી. ઝવેરી | પોંડિચેરી | ડોનેશન |
| ૮૬૦ | ૧૫૦૦૦ | શ્રી શશાંકભાઈ ઈન્દુભાઈ શાહ | અ'વાદ | જાXખ |
| ૮૬૧ | ૫૦૦ | પ્રણવ ઈલેક્ટ્રોનીક્સ | વડોદરા | દિ જાXખ |
| ૮૬૨ | ૧૦૦૦ | અમરતલાલ મુલજીભાઈ વાયડા | મુંબઈ | દિ જાXખ |
| ૮૬૩ | ૧૦૦૦ | અમરતલાલ મુલજીભાઈ વાયડા | મુંબઈ | દિ જાXખ |
| ૮૬૪ | ૧૦૦૦ | અમરતલાલ મુલજીભાઈ વાયડા | મુંબઈ | દિ જાXખ |
| ૮૬૫ | ૩૦૦ | ચંદુલાલ જમનાદાસ શાહ | અ'વાદ | દિ જાXખ |
| ૮૬૬ | ૧૫૦૦ | પરીખ સેલ્સ | અ'વાદ | દિ જાXખ |
| ૮૬૭ | ૧૦૦૦ | પરીખ સેલ્સ | અ'વાદ | દિ જાXખ |
| ૮૬૮ | ૧૦૦૦ | કોમેટ ઈન્ડસ્ટ્રીસ | અ'વાદ | દિ જાXખ |
| ૮૬૯ | ૧૦૦૦ | હરીશભાઈ શાહ | અ'વાદ | દિ જાXખ |
| ૮૭૦ | ૧૫૦૦ | શ્રી સી. સુંદરલાલ એન્ડ કં. | મુંબઈ | દિ જાXખ |
| ૮૭૧ | ૨૦૦૦ | ટેકફ્લો એન્ટરપ્રાઈઝ પ્રા લી. | અ'વાદ | દિ જાXખ |
| ૮૭૨ | ૧૦૦૦ | સમીરી વણિક ઉત્કર્ષ મંડળ | અ'વાદ | દિ જાXખ |
| ૮૭૩ | ૫૦૦ | સમીરી વણિક સમાજ ઉત્કર્ષ મંડળ | અ'વાદ | દિ જાXખ |
| ૮૭૪ | ૧૦૦૦ | સમીરી વણિક મહિલા સમાજ | અ'વાદ | દિ જાXખ |
| ૮૭૫ | ૬૦૦ | અમિતભાઈ જી. પરીખ | અ'વાદ | પેનલ જાXખ |
| ૮૭૬ | ૫૦૦ | પ્રકાશ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ | કડી | દિ જાXખ |
| ૮૭૭ | ૧૦૦૦ | ન્યુ જનતા ટ્રાન્સપોર્ટ | મુંબઈ | દિ જાXખ |
| ૮૭૮ | ૧૦૦૦ | પૂર્વી મહેશ ગંભીરવાલા | પૂના | મેમ્બર |
| ૮૭૯ | ૫૦૦૦ | સીમા સમીર શાહ | અ'વાદ | પેટ્રન |
| ૮૮૦ | ૧૫૦૦ | શ્રી જે.જે. પરીખ એન્ડ બ્રધર્સ | અ'વાદ | દિ જાXખ |
| ૮૮૧ | ૩૦૦ | શ્રી પ્રકાશચંદ્ર એન. શાહ | અ'વાદ | દિ જાXખ |
| ૮૮૨ | ૧૦૦૦ | શ્રી હરિશભાઈ નટવરલાલ શાહ | અ'વાદ | દિ જાXખ |
| ૮૮૩ | ૨૦૦૦ | ભારતીબેન ભરતકુમાર શાહ | મુંબઈ | દિ જાXખ |
| ૮૮૪ | ૧૦૦૦ | પરીખ સેલ્સ | અ'વાદ | ભેટ |
| ૮૮૫ | ૬૦૦ | શ્રી હરિશભાઈ રામજી વીરચંદ પરિવાર | મુંબઈ | પેનલ જાXખ |
| ૮૮૬ | ૫૦૦ | શ્રી હરિશભાઈ રામજી વીરચંદ પરિવાર | મુંબઈ | દિ જાXખ |
| ૮૮૭ | ૧૦૦ | શ્રી પરિમલભાઈ કે. પરીખ | અ'વાદ | જાXખ |

**- વ્યવસ્થાપક**

એમ. જે. નગરશેઠ (અમેરિકા)ના જય શ્રી કૃષ્ણ.

ગો. ચંદનબહેન ગો સરોજબહેનનાં સર્વેને જય શ્રી કૃષ્ણ – હ. કેતનભાઇ

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



**સ્વ. વિનોદબાળા (મધુબહેન) એન. શાહ**

**જન્મ તારીખ : ૨૮–૮–૧૯૩૭ શ્રીજીચરણ તા. ૧–૧૧–૨૦૧૭**

આપના સ્વભાવની સુવાસ....

આપના કર્મોનો ઉજાસ....

આપના અસ્તિત્વનું તેજ....

હંમેશા અમારી સાથે રહેશે.

આપનો પરિવાર

નરેન્દ્ર આર. શાહ

| | |
|---|---|
| દીપા મીનેશ શાહ | સ્વ. મીનેશ જે. શાહ |
| બીજલ પરેશ શાહ | પરેશ કે. શાહ |
| હેતલ ભાવેશ પરીખ | ભાવેશ સી. પરીખ |
| સેજલ સૌરભ પરીખ | સૌરભ પી. પરીખ |

ક્રેના, કોષા, પ્રિયાંશ, આયુષ

સ્વ. સુશીલાબહેન અને સ્વ. વ્રજરત્નદાસ પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.–હ. રાધિકા પરીખ



## સૂચના

- ‘વાયડામિત્ર’ દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થાય છે. અંક કાળજીથી પોસ્ટ કરવામાં આવે છે પરંતુ પોસ્ટ ખાતાની મુશ્કેલીઓને કારણે ઘણીવાર અંક સમયસર મળતો નથી. અંક ન મળવા અંગે પ્રથમ પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી. ત્યાર પછી વ્યવસ્થાપકને જાણ કરવી. અંક સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. ગ્રાહક નંબર અવશ્ય જણાવવો.
- લેખકોને પોતાની મૌલિક કૃતિઓ મોકલવાનું આમંત્રણ છે.
- લેખકોએ સારા અને સુવાચ્ય અક્ષરે અથવા ટાઈપ કરાવીને એ–૪ સાઈઝના કાગળની એક બાજુએ શબ્દોની મર્યાદામાં લખાણ મોકલવાનું રહેશે.લેખકોએ પોતાનું નામ, સરનામુ, ટેલીફોન નંબર, ઈ–મેલ તેમ જ સંક્ષિપ્ત પરિચય મોકલવો.
- સ્વીકૃત કે અસ્વીકૃત મેટરની જાણ કરવામાં આવતી નથી. લખાણની એક નકલ પોતાની પાસે રાખીને જ મૂળ કૃતિ મોકલવા વિનંતી છે. અન્યત્ર મોકલેલી કે પ્રસિધ્ધ થયેલી કે ઝેરોક્ષ કૃતિઓ મોકલવી નહીં. અન્ય સામયિકોમાંથી મોકલેલું મેટર સ્વીકારવામાં આવતું નથી. પૂર્વગ્રહયુક્ત લખાણો સ્વીકારવામાં આવશે નહીં.
- પોસ્ટકાર્ડ / ઈનલેન્ડ લેટર અથવા ઝેરોક્ષનું લખાણ સ્વીકાર્ય નથી.
- ‘વાયડામિત્ર’ માં પ્રસિધ્ધ થતા લખાણોની વૈધાનિક કે સંવૈધાનિક જવાબદારી જે તે લેખકની રહેશે. લેખોના લખાણ, વિચાર કે અભિપ્રાય સાથે તંત્રી કે પ્રકાશક સંમત છે એમ માની લેવું નહીં.
- લેખો માત્ર તંત્રીશ્રીને જ મોકલવા. નાણાંકીય વ્યવહાર અથવા અંક માટેની ફરિયાદ માત્ર વ્યવસ્થાપકશ્રીને કરવાની રહેશે. જ્ઞાતિસમાચાર ફક્ત સમાચાર સંપાદકશ્રીને જ મોકલવા. યોગ્ય વ્યક્તિને સમયસર લખાણ ન મળવાથી પ્રસિધ્ધિમાં વિલંબ થઈ શકે છે.
- આપની કૃતિઓ વાયડામિત્રના ઈમેલ આઈડી પર દર માસની ૨૦ તારીખ સુધીમાં મોકલી શકાશે.
- વાયડામિત્ર–સામયિક વાચકોનું, વાચકો માટે, વાચકો થકી છે.
- આપના પ્રતિભાવો અમારા માટે અમૂલ્ય છે. વાચકોના પત્રોને સ્થાન આપવામાં આવશે. જ્ઞાતિજનોનો સહકાર ઈચ્છનીય છે.



**Best Wishes From**

## Shri Jethalal Acharatlal Parikh
## & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
Civil Engineers & Contractors - Since 1970
An ISO 9001 : 2008 Company
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

**J.J. Parikh & Brothers**
Pharmaceutical Distributors
Since 1947
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

**J. Bipinchandra & Co.**
Pharmaceutical Distributors
Since 1990
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

**J. J. Parikh Pharma Pvt. Ltd.**
Pharmaceutical Distributors
Since 1996
C & F Agent for Pharmaceutical Companies
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
Panel Advocate of more than15 insurance companies
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

**JARUN**
**Pharmaceuticals Pvt. Ltd.**
Pharmaceutical Company
Since 2007
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai – Kokilaben Parikh
Harshul – Alpa , Mrugesh - Ratna
Bhrita, Darsh, Parita, Darshil
Bakul – Nita Dalal
Meera – David Burns
Chinmay

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Regi. under RNI No. 6316/57. Permitted to post Ahmedabad PSO on 10th of every month under postal Regd. No.MEH Dn.-296 issued by Asstt. Director Postal Services, O/o Chief Postmaster General, Gujarat Circle, Ahmedabad-380001, Valid upto 31-12-2018 પ્રકાશન ૧૦–૧૨–૨૦૧૮




## ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

### તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

**મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,**
**અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫**

# PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH